19-3-2000

# 卐 સમ્યક્ત્વ જયંતી અંક 卐



આશીષ મંગલ યાચત બાલક મંગલ અનુગ્રહદષ્ટિ રહે,
તવ ગુણકો આદર્શ બનાકર હમ સબ મંગલમાલ લહેં.


કહાન સં. ૨૦ [૬૭૭] * આત્મધર્મ * [અંક-૯] વીર સં. ૨૫૨૬
સં. ૨૦૫૬ [વર્ષ-૫૬] માર્ચ-૨૦૦૦

અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં

**પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૧૧મો**

# મંગલ જન્મજયંતી-મહોત્સવ

અત્યન્ત હર્ષોલ્લાસ સાથે નિવેદન છે કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૧૧મો વાર્ષિક મંગલ જન્મમહોત્સવ અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સોનગઢમાં વઢવાણનિવાસી (બોરીવલીવાસી) શ્રી કમલાબેન ચીમનલાલ દોશી-પરિવાર (હા. શ્રીમતી જયાબેન જયંતીલાલ દોશી) તરફથી અતિ આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

તદ્નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૧મી જન્મજયંતી (વૈશાખ સુદ બીજ)નો મંગલ મહોત્સવ સુવર્ણપરીમાં તા. ૧-૫-૨૦૦૦ સોમવાર થી તા. ૫-૫-૨૦૦૦ શુક્રવાર—પાંચ દિવસ સુધી 'શ્રી પંચપરમેષ્ઠીમંડલ વિધાનપૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક ઑડિયો-ટેપપ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, (તા. ૧૬-૪-૨૦૦૦ થી તા. ૫-૫-૨૦૦૦—વીસ દિવસ સુધી) ધાર્મિક શિક્ષણવર્ગ, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની દિગંબર જૈન ભજનમંડળી દ્વારા દેવગુરુભક્તિ વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે બધા ગુરુભક્ત મુમુક્ષુઓને સોનગઢ પધારવા માટે અમારા તરફથી હાર્દિક નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિ:શુલ્ક રાખવામાં આવી છે.

નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં તા. ૨૮-૩-૨૦૦૦, મંગળવારના દિવસે રાખવામાં આવી છે.

**નિમંત્રક**

*શ્રી કમલાબેન ચીમનલાલ દોશી-પરિવાર*
*હસ્તે શ્રીમતી જયાબેન જયંતીલાલ દોશી*
*શ્રીમતી કેતકી જયેશ દોશી*
*શ્રીમતી ઉપમા અક્ષય દોશી*

કહાન
સંવત-૨૦
વર્ષ-૫૬
અંક-૯
[૬૭૭]

# આત્મધર્મ

વીર
સંવત
૨૫૨૬
સં. ૨૦૫૬
MARCH
A.D. 2000

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના શ્રીમુખેથી વિવિધ પ્રસંગે વહેલાં

## * તત્ત્વબોધક વચનામૃત *

### * આત્માને ગ્રહણ કરવા પોતાની વિશેષ પાત્રતા હોવી જોઈએ *

આત્માને ગ્રહણ કરવા પોતાની વિશેષ પાત્રતા હોવી જોઈએ. કોઈ જાતની અન્યમાં તન્મયતા ન થાય, આત્માની મહિમા છૂટીને બહારની કોઈ મહિમા ન આવે, બહારની કોઈ વસ્તુ આશ્ચર્યભૂત ન લાગે, એક પોતાનો આત્મા જ આશ્ચર્યકારી ને સર્વોત્કૃષ્ટ લાગે, આત્મા કરતાં કોઈ ચીજની મહિમા વધી ન જાય, દેવ-શાસ્ત્ર-ગુરુ અને એક આત્મા તેના કરતાં બીજું કાંઈ વિશેષ લાગે નહિ, એવી પાત્રતા હોવી જોઈએ. બહારના નિષ્પ્રયોજન પ્રસંગોમાં કે કષાયોના રસમાં વિશેષ એકત્વ–તન્મય થઈ જાય, તે બધું આત્માર્થીને–પાત્રતાવાળાને ન હોય. જેને આત્માનું પ્રયોજન છે તેને પર સાથેનું એકત્વ મંદ પડી જાય છે,—અનંતાનુબંધીનો બધો રસ મંદ પડી જાય છે.

આત્માર્થીને તત્ત્વ કેમ ગ્રહણ થાય? તે જાતની જિજ્ઞાસા રહ્યા કરે છે. તેને બહારમાં ક્યાંય વિશેષ તન્મયતા થઈ જતી નથી. આત્માની મુખ્યતા છૂટીને ક્યાંય સંસારી કાર્યોમાં વિશેષ,–વધારે પડતો રસ આવી જતો નથી. તેને આત્માનું જ પ્રયોજન રહે છે. એવી તેની પાત્રતા હોય છે.

શ્રીમદ્જીમાં આવે છે ને? કે વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા ને જિતેન્દ્રિયપણું તે બધું તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે. આત્માર્થી ક્યાંય રાગમાં ખેંચાય નહિ અને દ્વેષમાં ખેદાય નહિ, બધામાં મધ્યસ્થ રહે. તેને બધા રાગ-દ્વેષ છૂટી નથી જતા પણ બધો રસ છૂટી જાય છે, બધું મર્યાદામાં આવી જાય છે. સમ્યગ્દર્શન થાય એટલે

બધાથી જુદો પડી જાય અને તેને તો બધું મર્યાદામાં આવી જાય છે. જ્ઞાનીને અનંતાનુબંધીનો રસ છૂટી ગયો છે, બધાથી ન્યારો થઈ ગયો છે અને ભેદજ્ઞાન છે તેને લઈને વધારે પડતો જોડાતો નથી, એકત્વ થતો નથી પણ જુદો જ રહે છે. તેને જ્ઞાયકતાની ધારા ચાલે છે. પાત્રતાવાળો પણ આત્મા પ્રગટ કરવો છે એટલે બધેથી રસ તોડે છે ને ક્યાંય વિશેષ તન્મય થતો નથી. કોઈ વિકલ્પોમાં કે કોઈ બહારનાં કાર્યોમાં કે કોઈપણ જાતના ઘર-કુટુંબ વગેરેમાં તે વિશેષ તન્મય થતો નથી. ''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ'' માત્ર મુક્તિની-મોક્ષની અભિલાષા તેને રહે છે. દરેક કાર્યમાં આત્માનું જ પ્રયોજન તેને રહે છે.

## * સર્વોત્કૃષ્ટ, અનુપમ–જ્ઞાયક તત્ત્વને ઓળખવા જેવું છે *

દેવ-શાસ્ત્ર-ગુરુ અને શુદ્ધાત્મા મંગળ છે. એક શુદ્ધાત્માનું ધ્યેય રાખીને, શુદ્ધાત્મા કેમ પ્રગટ થાય? નિર્મળ પર્યાય કેમ પ્રગટે? નવીન પર્યાય કેમ પ્રગટ થાય? તે ભાવના રાખવા જેવી છે.

મારા ભાવે, મારા ધ્યાને, મારા બધા વર્તનમાં જ્ઞાયકદેવ હજો. જ્ઞાનમાં જ્ઞાયકદેવ, દૃષ્ટિમાં જ્ઞાયકદેવ, લીનતામાં જ્ઞાયકદેવ, બધે જ્ઞાયકદેવ હજો. આવે છે ને? કે ''મારા ધ્યાને હજો, મારા ભાવે હજો જિનવાણ રે'' તેમ મારા ધ્યાનમાં, મારા ભાવમાં, મારા મનની અંદર જ્ઞાયકદેવ હજો, શુદ્ધતામાં જ્ઞાયકદેવ હજો અને શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુ હજો એવી ભાવના, એવું રટણ, એવી જિજ્ઞાસા તે બધું કરવા જેવું છે. એક શુદ્ધાત્માને લક્ષમાં રાખવાથી—તેના ધ્યેયને ઓળખવાથી નવીન પર્યાયો પ્રગટ થાય તે જ નવીનતા છે. આ નવીન વર્ષ કહેવાય તે વ્યવહારથી, પણ અંતરમાં નવીન પર્યાયો પ્રગટ થાય તે ખરી નવીનતા છે. માટે શુદ્ધાત્માનું-જ્ઞાયકદેવનું ધ્યાન રાખવું. એ જ જીવનમાં કર્તવ્ય છે, બાકી બધું ગૌણ છે. સારભૂત હોય તો એક આત્મા છે. સર્વોત્કૃષ્ટ, અનુપમ–જ્ઞાયક તત્ત્વને ઓળખવા જેવું છે. ખરું આ જ કરવા જેવું છે. બસ આમાં બધું આવી ગયું.

## * પુરુષાર્થ ન ઊપડે તો લગની જ લાગી નથી *

લગની લાગે અને પુરુષાર્થ ન ઊપડે એવું બને જ નહિ અને પુરુષાર્થ ન ઊપડે તો લગની જ લાગી નથી. અંદરથી તૃષા લાગી હોય તો તે પાણી ગોતવાનો પ્રયત્ન કર્યા વગર રહે જ નહિ; પણ અંદર તરસ જ લાગી નથી. લગની લાગે તો પુરુષાર્થ થાય જ અને તો માર્ગ મળ્યા વગર રહે જ નહિ. ગુરુદેવે વિધિ ઘણી

સ્પષ્ટતાથી બતાવી છે પણ પોતાને અંદરથી લાગે તો વિધિ ગોતે ને? ખરેખર લગની લાગી જ નથી. વિધિ એક જ છે કે આત્માને ઓળખવો, આત્માનું અસ્તિત્વ ગ્રહણ કરવું. આત્મા કોણ છે? આત્મા શાશ્વત છે તે કઈ રીતે છે? વગેરે વિચાર કરીને નક્કી કરે અને એકત્વબુદ્ધિ તોડવાનો પ્રયત્ન કરે. પરમાર્થ પંથ એક જ છે પણ તે પોતે કરતો નથી.

## * પરની રુચિ તોડતાં–તોડતાં તેને પરસેવા ઊતરી જાય છે *

પરની રુચિ તોડતાં–તોડતાં તેને પરસેવા ઊતરી જાય છે. ઉપલક રુચિ હોય કે આત્માનું જ કરવા જેવું છે પણ એકત્વબુદ્ધિ તોડતાં–તોડતાં મુશ્કેલી પડી જાય છે. અનંતકાળનો અભ્યાસ છે એટલે પ્રયાસ કરી કરીને થાકી જાય છે–ખેદ થાય છે. કરવાનું તો આ જ છે પણ પુરુષાર્થની ખામીને લઈને તેના વિશ્વાસમાં ડોલમડોલ થઈ જાય છે. પોતે છે તો જુદો, પણ મોટાં રાંઢવાં (દોરડાં) જેવું એકપણું કરી મૂક્યું છે. પોતે અનંતકાળ પરની સાથે એકત્વપણાના અભ્યાસમાં રહ્યો છે. હવે તે અનંતકાળની સામે ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં ઘૂંટવામાં અનંતકાળ લાગતો નથી. ધીમો ધીમો અભ્યાસ કરે તો થોડો કાળ જાય છે અને ઉગ્ર કરે તો છ મહિના લાગે છે. અંદર રુચિ ભલે આત્માની હોય, પણ એકત્વબુદ્ધિ તોડતાં તોડતાં તેને મુશ્કેલી પડે છે અને બહાર ચાલ્યો જાય છે.

પોતાના ને પરના લક્ષણને ઓળખીને, આ દ્રવ્ય-ગુણ-પર્યાય મારાં છે અને આ પુદ્‌ગલના છે, એમ બરાબર ભેદજ્ઞાન કરતાં પ્રજ્ઞાછીણી સાંધની સૂક્ષ્મ રગ જોઈને ચારેબાજુ ફરી વળે છે અને કોઈ જગ્યાએ સાંધ રહેતી નથી, સરખા બે ભાગ થઈ જાય છે. સૂક્ષ્મતાથી લઈએ તો, ગુણના ભેદ, પર્યાયના ભેદ કે કોઈ પણ જાતના રાગમિશ્રિત ભાવ—જે જે ભાવ આવે તે—બધાથી છૂટો પડી જાય છે. જ્ઞાનમાં બધું જાણે પણ એકત્વબુદ્ધિ જ્યાં જ્યાં હોય ત્યાં બધેથી છૂટો પડી જાય છે. શુભભાવો કે જ્યાં પોતાને બહુ રસ લાગે છે તેવા ભાવો, ગુણ-પર્યાયના ભેદો, વગેરે જે જે સૂક્ષ્મ-સૂક્ષ્મ ભાવો આવતા હોય તે બધામાં ચારેબાજુ પ્રજ્ઞાછીણી ફરી વળે છે અને ચોખ્ખા બે ભાગ કરી નાંખે છે. આ ચૈતન્યનો ભાગ અને આ વિભાવનો ભાગ એમ બે ભાગ કરી નાંખે છે.

## * અનંતકાળથી તેણે બધું કર્યું પણ આત્માનું સ્વરૂપ ઓળખ્યું નથી *

જ્ઞાયકની મહિમા આવે, તેમાં સર્વસ્વતા લાગે, તેની રુચિ,–શ્રદ્ધા થાય તો જીવ

તે તરફ વળે છે, તે વિના વળી શકતો નથી. બહારમાં જ જેણે સર્વસ્વ માની લીધું છે અર્થાત્ થોડી ક્રિયા ને શુભભાવ કરીને તેમાં સર્વસ્વ માની લે છે તેને આત્માની પ્રાપ્તિ (—સમ્યગ્દર્શન—સ્વાનુભૂતિ) થતી નથી.

અશુભથી બચવા શુભભાવ વચ્ચે આવે તેનાથી પુણ્ય બંધાય. પણ આત્મા તે બંનેથી ન્યારો છે તેવી શ્રદ્ધા થવી જોઈએ; અને શ્રદ્ધા થાય તો તે તરફ વળે.

અનંતકાળથી તેણે બધું કર્યું પણ આત્માનું સ્વરૂપ ઓળખ્યું નથી. તે બધે ભમ્યો, બધું કંઠાગ્રે કર્યું પણ આત્માને ઓળખ્યો નથી; આત્માને ઓળખ્યા વગર ભવનો અભાવ થતો નથી.

## * ભેદજ્ઞાન પ્રયાસ કરવાથી થાય છે *

ભેદજ્ઞાન પ્રયાસ કરવાથી થાય છે, પ્રયાસ વગર થતું નથી. કેવળ મંથન કરતાં કરતાં ભેદજ્ઞાન થઈ જાય એમ બને નહિ; પણ પરિણતિને જુદી પાડતાં પાડતાં થઈ જાય છે. પરંતુ તે જાતનું ધ્યેય હોવું જોઈએ. પરિણતિ જુદી પાડવાનું—સ્વભાવ જુદો પાડવાનું ધ્યેય હોવું જોઈએ. અને તે પ્રયાસ કરતાં કરતાં થાય જ. ન કેમ થાય? પોતે જ છે, બીજો કોઈ નથી. વિશ્વાસ અને પ્રતીતિને છોડવાં નહિ; શ્રદ્ધા તો બરાબર કરવી. પ્રયાસ ઓછો—વધારે થાય પણ શ્રદ્ધા બરાબર કરવી કે આ રસ્તે અને આ રસ્તે પ્રયાસ કરવાથી થવાનું જ છે. જેમ કે અહીં ગામ છે એમ નક્કી થયા પછી ચલાય ઓછું, છતાં ચાલે જ. તેવી રીતે નક્કી—દૃઢતા કરે તો કાર્ય થયા વગર રહેવાનું નથી. શ્રદ્ધામાં હારીશ નહિ, શ્રદ્ધા બરાબર કરજે. જેવી દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા દૃઢ રાખે છે તેમ આત્મામાં આ રસ્તે જ પહોંચાશે એવી શ્રદ્ધા બરાબર રાખજે.

પોતાના પુરુષાર્થની મંદતા છે, કારણ ઓછું આપે છે, ત્યાં દૃષ્ટિને થંભાવતો નથી. દૃષ્ટિ થોડીવાર થંભી-ન થંભી ત્યાં છૂટી જાય છે—એટલે ભેદજ્ઞાન થતું નથી. રસ બહાર દોડ્યો જાય છે એટલે પરિણતિ પોતાને છોડીને બહાર જાય છે. દૃષ્ટિને એકદમ તે-મય—તન્મય કરતો નથી તેથી થતું નથી, આ રીતે પોતાનું કારણ છે.

## * ચૈતન્યનું રટણ વારંવાર કર્યા કરવું *

પુરુષાર્થ કરવો તે પોતાના હાથમાં છે. ચૈતન્યનું રટણ વારંવાર કર્યા કરવું, થાકવું નહિ અને તેમાં ને તેમાં ઊભો રહે તો અંદરમાં પ્રવેશ થવાનો અવકાશ છે. સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી થાકવું નહિ. વારંવાર તેની ભાવના-રુચિ, શ્રુતનું ચિંતવન, તત્ત્વના વિચાર, વિભાવથી વિરક્તિ, ચૈતન્યની મહિમા ને દેવ-શાસ્ત્ર- ગુરુની મહિમા

આવ્યા કરે. કાર્ય ન થાય ત્યાં સુધી ચૈતન્યને ધ્યેયમાં રાખીને તેમાં ને તેમાં રહે અને તેનું ઘૂંટણ કર્યા કરે, પણ થાકે નહિ. લાંબો ટાઈમ થઈ ગયો અને અંદરમાં કાંઈ થતું નથી માટે તેનો રસ ઊડી જાય તેમ ન કરવું. વારંવાર તેની જ ભાવના કર્યા કરવી, તેની સમીપ જ રહ્યા કરવું.

## * જે પાત્ર આત્માર્થી હોય તેને પોતાને શોભે નહિ તેવા કષાયો ન હોય *

પહેલાં સ્વભાવની પ્રતીતિ કરે તો રાગ-દ્વેષ ભિન્ન પડે, તે પહેલાં ભિન્ન વાસ્તવિકપણે કેવી રીતે પડે? બાહ્ય વૈરાગ્યપૂર્વક તેને મોળા પાડે કે આ સારાં નથી, આ રાગ-દ્વેષ કરવા જેવા નથી. પણ તે રીતે વાસ્તવિક ભિન્ન પડતા નથી, સ્વભાવને ઓળખે તો જ રાગ-દ્વેષ ભિન્ન પડે છે.

જે પાત્ર આત્માર્થી હોય–જેને આત્માનું પ્રયોજન હોય–તેને વધારે પડતા અર્થાત્ પોતાને શોભે નહિ તેવા કષાયો ન હોય પણ કષાયની ઉપશાંતતા અને વૈરાગ્ય એ બધું હોય. મારે આત્માનું જ કરવું છે. આ રાગ-દ્વેષ કાંઈ રાખવા જેવા નથી એમ આત્માનું પ્રયોજન સાધવા માટે વૈરાગ્ય કરે તો રાગ-દ્વેષ મોળા પડે, પણ ભેદજ્ઞાન કર્યા વગર તે ભિન્ન પડતા નથી.

પહેલાં પાકી શ્રદ્ધા (નિર્ણય) કરે કે હું જ્ઞાયક-જાણનારો જ છું. શુભાશુભ ભાવ મારું સ્વરૂપ નથી. શરીર જુદું અને આત્મા જુદો છે. આ શરીર કાંઈ જાણતું નથી. હું અંદરમાં એક જાણનારું તત્ત્વ અનાદિ-અનંત શાશ્વત છું. આ રીતે તે જાણનાર તત્ત્વનો નિર્ણય બરાબર કરવો જોઈએ. જોકે તેને અશુભથી બચવા વચ્ચે દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા આવે તોપણ મને એક આત્મા કેમ ઓળખાય? તે પ્રયોજન તેનું હોવું જોઈએ. પ્રથમ આત્માની મહિમા આવવી જોઈએ કે આ બધું બહારનું સારભૂત વસ્તુ નથી, સારભૂત તો એક આત્મા જ છે. એમ મહિમા–નિર્ણય અંતરમાંથી થવો જોઈએ. પહેલાં એકદમ લીનતા ન થાય, પહેલાં શ્રદ્ધા થાય ને પછી લીનતા થાય તો રાગ-દ્વેષ છૂટે.

## જિજ્ઞાસુને પણ બુદ્ધિપૂર્વકની જે શ્રદ્ધા છે તે શ્રદ્ધામાં ભૂલ આવતી નથી.

રુચિવાળા જીવને દેવ-શાસ્ત્ર-ગુરુ વચ્ચે આવ્યા વગર રહેતા નથી. મને મારું સ્વરૂપ કેમ ઓળખાય, ગુરુ મને શું માર્ગ બતાવે છે, ગુરુએ શું કહ્યું છે, એવા વિચારો તેને આવ્યા વગર રહેતા નથી. પણ તેથી તેને વ્યવહારનો પક્ષ આવી જાય છે તેમ નથી. તેને ભાવના રહે છે તેથી ભક્તિ આવ્યા વગર રહેતી નથી. ગુરુ એમ કહે છે કે

તું તારા શુદ્ધાત્માને ઓળખ, બધા શુભભાવથી તારો શુદ્ધાત્મા જુદો છે. છતાં જિજ્ઞાસુને શુભભાવ આવ્યા વગર રહેતા નથી, પણ તેમાં વ્યવહારનો પક્ષ આવી જતો નથી. તે જીવ વ્યવહારથી લાભ માને, તેમાં સર્વસ્વ માને, તેનાથી મને મોક્ષ મળશે તેમ માને તો તેમાં વ્યવહારનો પક્ષ આવે છે. બાકી જે શુભભાવ આવે તેમાં વ્યવહારનો પક્ષ આવતો નથી. શુભભાવ આવે છે તેની સાથે જિજ્ઞાસુની શ્રદ્ધા એવી થઈ જતી નથી કે આ શુભભાવથી મને લાભ છે. જિજ્ઞાસુની શ્રદ્ધા અને રુચિ તેમાં ભેગાં ભળી જતાં નથી.

જિજ્ઞાસુને બુદ્ધિપૂર્વક એવો નિર્ણય હોય છે કે ગુરુએ કહ્યું છે કે તારો શુદ્ધાત્મા વિકલ્પ વગરનું નિર્વિકલ્પ તત્ત્વ છે. શુભભાવ તારું સ્વરૂપ નથી એમ ગુરુએ જે કહ્યું છે તે તેણે વિચારથી દૃઢ કરેલ છે. તેથી શુભભાવ આવે એટલે તેમાં વ્યવહારનો પક્ષ આવીને એવી શ્રદ્ધા થઈ જતી નથી.

શુભભાવથી મને લાભ થાય, દેવ-શાસ્ત્ર-ગુરુ મને લાભ કરી દેશે, તેઓ કરે તેમ થાય, હું મારા પુરુષાર્થથી કાંઈ કરી શકું નહિ એવી જેને માન્યતા નથી તેને વ્યવહારનો પક્ષ આવતો નથી. જેને એવી શ્રદ્ધા છે કે હું મારાથી કરું ત્યારે જ થવાનું છે, છતાં ગુરુ મને ઉપકારરૂપ છે અને ગુરુએ જ મને બધું આપ્યું છે, એવી શુભભાવના આવે છે, પરંતુ તેનાથી વ્યવહારનો પક્ષ આવી જતો નથી. તેની શ્રદ્ધા તો જુદી જ રહે છે.

યથાર્થ શ્રદ્ધાની વાત તો જુદી છે, તે સહજરૂપે જ્ઞાનીને–ભેદજ્ઞાનીને હોય છે. જિજ્ઞાસુને પણ બુદ્ધિપૂર્વકની જે શ્રદ્ધા છે તે શ્રદ્ધામાં ભૂલ આવતી નથી. ગુરુની ભક્તિ કરે તેમાં શ્રદ્ધાની ભૂલ આવતી નથી, તેમાં વ્યવહારનો પક્ષ આવતો નથી. જિજ્ઞાસુ દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ કરે છે; છતાં વ્યવહારનો પક્ષ આવી જતો નથી. તેમાં સર્વસ્વ માને ત્યારે વ્યવહારનો પક્ષ આવે છે.

જેને ભેદજ્ઞાન પ્રગટ થયું છે એવા આચાર્યો ધવલાદિ શાસ્ત્રો રચે છે, કોઈ અધ્યાત્મનાં શાસ્ત્રો રચે છે. તો તેમાં પક્ષ આવી જાય છે? પદ્મનંદિ આચાર્ય ભક્તિનાં શાસ્ત્રો રચે છે, તો તેમાં વ્યવહારનો પક્ષ આવી જતો નથી, ત્યાં પણ સાથે ભેદજ્ઞાનની ધારા વર્તે છે. જિજ્ઞાસુએ નક્કી કર્યું છે કે આ બધા વિભાવથી છૂટો હું ચૈતન્ય દ્રવ્ય છું, તે ભલે બુદ્ધિથી નક્કી કર્યું છે છતાં તેને ભક્તિના ભાવ આવે અને તે કાર્યમાં જોડાય તેથી કંઈ ભક્તિના કાર્યથી વ્યવહારનો પક્ષ આવી જતો નથી.

### ❋ વિકલ્પના અભ્યાસમાં વિકલ્પ જ દેખાય છે ❋

અનાદિથી વિકલ્પનો અભ્યાસ થઈ રહ્યો છે એટલે વિકલ્પ જ દેખવામાં આવે

છે તથા વિકલ્પ મંદ થાય તો શાંતિ લાગે છે અને વિકલ્પ વધારે હોય તો આકુળતા લાગે છે. પરંતુ આ તો અંતરમાં વિકલ્પ રહિત થવાની વાત છે. આત્મા પોતે—સ્વયં જાગૃતસ્વરૂપ છે, અસ્તિસ્વરૂપ છે. તેનું અસ્તિત્વ કાંઈ ચાલ્યું ગયું નથી. વિકલ્પની અસ્તિ ચાલી ગઈ, છતાં પોતાનું અસ્તિત્વ ઊભું રહે છે અને તે અસ્તિત્વ ચૈતન્યપણે છે. તે ચૈતન્ય આનંદગુણથી ભરપૂર છે. તેનો આનંદગુણ કોઈ જુદો જ છે—અદ્ભુત છે અને જ્ઞાનગુણ પણ કોઈ અદ્ભુત છે. એવા તો અનંતગુણો તેમાં છે. બધા વિકલ્પો છૂટી જાય તો પછી રહેશે કોણ ? એક આત્મા રહે છે. તેમાં આનંદગુણ પ્રગટે છે, આનંદગુણની અનુભૂતિ થાય છે. વિકલ્પના અભ્યાસમાં વિકલ્પ જ દેખાય છે, બીજું કાંઈ દેખાતું નથી. તેથી તેને એમ થાય છે કે વિકલ્પ છૂટી જતાં પછી રહેશે શું ? આનંદગુણથી ભરેલો આત્મા રહે છે. તે ચૈતન્ય અનંતગુણમાં ખેલે છે, રમે છે, ડોલે છે. કોઈ કહે છે કે અમને શાંતિ.....શાંતિ.....લાગે છે. પણ તે અમુક વિકલ્પ મંદ થાય તેની શાંતિ છે. જ્યારે આ શાંતિ તો કોઈ જુદી જ છે. તે પ્રગટ થતાં તેને અંદરથી તૃપ્તિ થાય છે કે આ સિવાય કોઈ માર્ગ નથી, આ જ મુક્તિનો માર્ગ છે.

## * ઊંડા સંસ્કાર ન હોય તો તે ભૂંસાઈ જાય છે *

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય, છતાં જો ચૈતન્યની ઊંડી ભાવના હોય અને પોતાને યથાર્થ લગની ઊંડાણથી લાગી હોય તો, જીવ ગમે ત્યાં જાય તોપણ પુરુષાર્થ થઈ શકે તેવો અવકાશ રહે છે. પરંતુ જો ઊંડા સંસ્કાર ન હોય તો તે ભૂંસાઈ જાય છે. ઊંડા સંસ્કાર અને તીવ્ર ભાવના હોય કે મારે આત્મા જ જોઈએ છે તો જીવ ગમે ત્યાં જાય તોપણ પુરુષાર્થ પ્રગટ કરવાનો અવકાશ રહે છે.

## * મર્યાદા રહિતનાં પરિણામ આત્માર્થીનાં હોય નહિ *

મુમુક્ષુની ભૂમિકામાં અંદર આત્માર્થનું પ્રયોજન મુખ્ય હોય છે. આત્માર્થીને ન શોભે એવી જાતના—મર્યાદા તોડીને જે—વિચારો થાય તેવા આત્માર્થીને હોય નહિ, તેવાં કાર્યો પણ આત્માર્થીને હોય નહિ. જેમાં આત્માર્થતાનું પોષણ થાય, આત્માર્થતા મુખ્ય રહે તેવા ભાવો આત્માર્થીને હોય છે. પોતાની આત્માર્થતાની મર્યાદા જેમાં તૂટી જાય તેવા ભાવ આત્માર્થીને હોતા નથી. પોતાનાં પરિણામ કઈ જાતનાં છે તે વિચારીને, તેમાં કચાશ હોય તો પોતે પોતાની પાત્રતા વધારવી. મુખ્ય પ્રયોજન તો આત્માર્થતાનું છે. આત્માર્થતાને ક્યાંય નુકસાન પહોંચે તેવા મર્યાદા રહિતનાં પરિણામ આત્માર્થીનાં હોય નહિ.

## * મુમુક્ષુ મર્યાદા બહાર જતો નથી *

આત્મા પોતે મહિમાવંત છે, તેની મહિમા કરજે, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા કરજે, મહિમા વગર તારા વિચારો વિગેરે બધું લૂખું થઈ જશે. જો તને મહિમા નહિ આવે તો માત્ર તું જ્ઞાનની વાતો કર્યા કરીશ પણ અંદર લૂખાશ થઈ જશે. મહિમા સાથે હશે તો અંદર તને એમ થશે કે અહો ! આત્મા આવો ચમત્કારી છે. અહો ! આ આત્માની સાધના દેવ-ગુરુ કરી રહ્યા છે. એવું અંદરથી તને આશ્ચર્ય લાગવું જોઈએ, તો તારા તત્ત્વના વિચારો પણ યથાર્થ રીતે ચાલશે. ભક્તિમાર્ગમાં આમ કહેવું છે.

જ્ઞાન એકલું લૂખું ન હોવું જોઈએ, સાથે ભક્તિ-વિરક્તિ, તત્ત્વવિચાર બધું હોવું જોઈએ. તે બધું હોય તો મુમુક્ષુ મર્યાદા બહાર જતો નથી. અમુક જાતના પરિણામો આવે તોપણ મર્યાદાથી બહાર ન જાય. લૂખું હોય તો મર્યાદા બહાર પરિણામ જાય છે. આ ચૈતન્ય આવો મહિમાવંત છે, વિભાવમાં રોકાવા જેવું નથી તેમ ભાવના આવે છે. દેવ-ગુરુ કેવું કરી રહ્યા છે, એમ મહિમા કરીને પણ પરિણતિને આત્મા તરફ વધારે વાળે છે—નહિતો લૂખું થઈ જાય અને મર્યાદા બહાર ચાલ્યો જાય.

## * બહારમાં ક્યાંય ચેન ન પડે *

બહારમાં ક્યાંય ચેન ન પડે, એકત્વબુદ્ધિ વખતે પણ ચેન ન પડે તો પોતાને શોધીને પોતાનો આશ્રય ગ્રહણ કરે. તે ન થાય ત્યાં સુધી શ્રુતનું ચિંતવન કરે, દેવ-શાસ્ત્ર-ગુરુમાં ચિત્ત લગાવે. તે વિચાર કરે કે હું ચૈતન્ય છું, ચૈતન્ય છું, પણ તે ભાવનામાં એકસરખું રહી શકાતું નથી, કારણ કે તે ભાવના સહજ નથી. સહજ નથી એટલે વિચાર બીજે-બીજે જાય–શ્રુતના ને દ્રવ્ય- ગુણ-પર્યાયના ચિંતવનમાં ઊભો રહે. હું જુદો છું, હું જુદો છું, એમ એકના એક વિકલ્પમાં, વિકલ્પવાળો ઉપયોગ છે એટલે ટકી શકતો નથી. તેથી ભાવના એમ રાખે કે હું ચૈતન્ય છું, હું ચૈતન્ય છું, અને વારે-વારે અભ્યાસ પણ કર્યા કરે. ઉપયોગ એકમાં ટકી શકતો નથી તેમ જ એક ને એક વિકલ્પવાળું ચિંતવન લૂખું થઈ જાય છે, માટે શ્રુતના ચિંતવનના વિચારમાં રોકાય છે. છતાં કરવાનું તો એક જ છે–ભેદજ્ઞાન કરીને ચૈતન્યને ગ્રહણ કરવાનો છે. વિકલ્પથી મારો સ્વભાવ જુદો છે એમ એક ચૈતન્યને ગ્રહણ કરવાનો છે.

## * બાહરકી મહિમા હૈ, ઈસલિયે સ્વયંકી મહિમા નહીં આતી *

બાહરકી મહિમા હૈ, બાહરમેં રુક રહા હૈ ઈસલિયે સ્વયંકી મહિમા નહીં આતી. બાહરકે પદાર્થોમેં રુક જાતા હૈ, ઉનકી મહિમા લગતી હૈ, બાહર દેખનેમેં આશ્ચર્ય

લગતા હૈ, યહ દેખૂં-યહ દેખૂં ઐસે સબ બાહર દેખનેમેં રુક જાતા હૈ ઔર ભીતરમેં ચૈતન્યભગવાન આત્મા દેખનેમેં નહીં આતી હૈ ઈસલિયે વિશ્વાસ નહીં આતા ઈસ વજહસે મહિમા નહીં આતી. ઔર બાહરમેં વિશ્વાસ આતા હૈ, ઈસલિયે બાહરમેં સબ મહિમાવંત લગતા હૈ.

બાહરમેં કોઈ સામાન્ય બાત હો તો ભી કુતૂહલ કરકે દેખનેકો જાતા હૈ, લેકિન ભીતર આત્માકા આશ્ચર્ય કરકે-કુતૂહલ કરકે-દેખનેકો ભી નહીં જાતે. શાસ્ત્રમેં આતા હૈ કિ તૂ એકબાર કુતૂહલ કરકે દેખ તો સહી! કિ અંદર કૈસી આત્મા બિરાજમાન હૈ!

## ❋ બહારની રુચિ જેને લાગે તેને આત્માની રુચિ લાગે નહિ ❋

બહારમાં ન ગમતું હોય તો જ આત્મામાં ગમે. બહારની રુચિ જેને લાગે તેને આત્માની રુચિ લાગે નહિ. આત્માની રુચિ લાગે તેને બહારની રુચિ તૂટી જાય છે. બહારમાં રુચિ અને તન્મયતા છે તેને આત્માની લગની નથી, તે આત્મા તરફ જઈ શકતો નથી. અનાદિકાળથી પોતે બહારમાં તન્મય થઈને રહ્યો છે માટે આત્માની લગની લાગી નથી. આત્માની રુચિ લાગે તો જ આત્મામાં જઈ શકાય છે. ઘણા કહે છે ને? કે ક્યાંય ગમતું નથી તો તારા આત્માનું અસ્તિત્વ ગ્રહણ કર. ત્યાં ગમે તેવું છે, તે તારું રહેવાનું સ્થાન છે, સુખનું ધામ છે. સ્વરૂપને ગ્રહણ કરવાનો પુરુષાર્થ કર, તો તેમાંથી સુખ પ્રગટ થશે. બહાર ન ગમે તો જ અંદરમાં જવાય તેમ છે. બહાર રુચે તેને માટે બહારનો સંસાર ઊભો જ છે.

## ❋ પોતાની ઘણી તૈયારી હોય ત્યારે વિકલ્પ ટળે છે ❋

પોતાની ઘણી તૈયારી હોય ત્યારે વિકલ્પ ટળે છે. અનાદિકાળથી એકત્વબુદ્ધિનો અભ્યાસ છે, શરીર તરફ એકત્વબુદ્ધિ છે. ક્ષણે ક્ષણે શરીર તે હું ને હું તે શરીર, વિભાવ તે હું ને હું તે વિભાવ એવી એકત્વબુદ્ધિ છે. તે એકત્વબુદ્ધિ તૂટે અને સ્વભાવની મહિમા આવે, હું તો એક જ્ઞાયક છું એમ સ્વભાવની લગની લાગે, અંદરથી તાલાવેલી જાગે તો વિભાવનો રસ નીતરી જાય-ઊતરી જાય. જોકે પછી અમુક વિભાવ ઊભો રહે છે, પણ તેનો બધોય રસ ઊતરી જાય છે, અને પોતાના સ્વભાવની મહિમા-પ્રેમ વિના ક્યાંય રુચે નહિ, એટલી તૈયારી થાય ત્યારે જ્ઞાયકની દૃષ્ટિ કરે. જ્ઞાયકની દૃષ્ટિ ક્યારે થાય? સ્વભાવની મહિમા આવ્યા વિના અને વિભાવનો રસ ઊતર્યા વગર જ્ઞાયકની દૃષ્ટિ થતી નથી. બહારમાં દૃષ્ટિ જાય છે તે બધો રસ ઊતરી

જાય અને સ્વભાવની મહિમા આવે તો વિભાવનો રસ નીતરી જાય. સ્વભાવની લગની લાગે તો વિભાવનો રસ ઊતરે અને વિભાવનો રસ ઊતરે તો સ્વભાવની દૃષ્ટિ થાય અને વિકલ્પ છૂટે.

## * આત્માકી અદ્ભુતતા લગની ચાહિયે *

મહિમા અર્થાત્ આત્માકી અદ્ભુતતા લગની ચાહિયે, આશ્ચર્ય લગના ચાહિયે કિ યહ કોઈ અદ્ભુત તત્ત્વ હૈ. મેરી આત્મા કોઈ સામાન્ય નહીં હૈ, સિદ્ધભગવાન જૈસી હૈ. ઔર સબ લોક ઊપર તીરતા હૈ ઐસા મૈં અદ્ભુત હૂં. જહાં રુચિ લગે, ઉપયોગ વહાં હી લગે. ભગવાનકી જિસકો મહિમા હોતી હૈ કિ ભગવાન વીતરાગ સ્વરૂપ હૈ ઉસકો મંદિરમેં ભગવાનકા દર્શન કરતે સમય ભગવાનકી પ્રતિમાકો દેખકર આશ્ચર્ય લગતા હૈ કિ કૈસા ભગવાન ! ઠીક વૈસે હી ચૈતન્યભગવાનકા આશ્ચર્ય લગના ચાહિયે કિ વીતરાગ આત્મા ઐસી હી હૈ ફિર વહ છૂટે નહિ. આત્માકી મહિમા લગે તો ઉસકો દેખનેકે લિયે ઉપયોગ બાર બાર વહાં હી જાય, લેકિન મહિમા ન લગે તો મૈં જ્ઞાનસ્વરૂપ હૂં ઐસા છૂટ જાતા હૈ.

ભગવાનકી મહિમા લગે તો મંદિરમેં પ્રતિમાજીકો દેખકર શાંતિ હોતી હૈ કિ ભગવાન કૈસા વીતરાગ હૈ ! ઐસે આત્મભગવાનકી મહિમા લગની ચાહિયે. પ્રતિમાજી ઐસી હૈ તો સાક્ષાત્ ભગવાન કૈસા હોગા !! ઐસે સાક્ષાત્ ભગવાનકી મહિમા આવે વૈસે આત્મભગવાનકી મહિમા આની ચાહિયે. ઔર ચિત્ત વહાં હી લગે તો દૂસરી કહીં ભી જગહ લગે નહીં.

## * જ્ઞાયકનો વારંવાર અભ્યાસ કર્યા કરવો *

જ્ઞાયકનો વારંવાર અભ્યાસ કર્યા કરવો. ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે તેનું ચિંતવન, તેની મહિમા, તેની લગની, સત્સંગ, શ્રવણ-મનન આદિ વારંવાર કરવાં. છાશને વલોવતાં-વલોવતાં માખણ બહાર આવે છે તેમ વારંવાર જ્ઞાયકનું મંથન કર્યા કરવું. ગુરુદેવે બતાવ્યું છે તે પ્રમાણે પુરુષાર્થ વારંવાર કરવો. હું ચૈતન્ય જુદો છું, આ વિભાવ જુદાં છે એમ ભેદજ્ઞાન માટે તૈયારી પોતાને કરવાની છે. બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુનું સાન્નિધ્ય મળે, તેમનો સત્સંગ થાય, શ્રવણ-મનન થાય તે બધું વારંવાર કર્યા કરવું. વારંવાર તેના (જ્ઞાયકના) સંસ્કાર દૃઢ કરવા. રુચિ વારંવાર તીવ્ર થાય તેમ કર્યા કરવું.

## * સાચી મુમુક્ષુતા *

''માત્ર મોક્ષ અભિલાષ''—એક આત્માની જેને અભિલાષા છે, બીજી કોઈ

અભિલાષા નથી; દરેક કાર્ય અને દરેક પ્રસંગની અંદર મારે એક આત્મા જ જોઈએ છે—એમ એક આત્મા જ જેને ધ્યેય છે અને જે કોઈ સંકલ્પ-વિકલ્પરૂપ વિભાવો થાય તેમાં તન્મયતા નથી પણ માત્ર આત્માની અભિલાષા જેને મુખ્યપણે વર્તે છે, તેને સાચી મુમુક્ષુતા છે. જેને માત્ર આત્માની જ અભિલાષા છે કે મને આત્મા કેમ પ્રાપ્ત થાય? મને સ્વાનુભૂતિ કેમ પ્રાપ્ત થાય ? ને જેને બહારના કોઈ પદાર્થોની ઈચ્છા કે અભિલાષા નથી તે બહારનાં બધાં કાર્યોમાં જોડાય, છતાં બધું ગૌણ હોય છે. તેને ધ્યેય માત્ર એક આત્માનું છે કે એક આત્મા કેમ પ્રાપ્ત થાય? જોકે દેવ–શાસ્ત્ર–ગુરુની મહિમા વગેરે બધું તેને હોય છે પણ આત્મા વગર તેને ક્યાંય ચેન પડતું નથી. ગુરુદેવ કહેતા હતા કે તું તારા આત્માને જો, તું આત્માનું જ્ઞાન કર, આ બધું તારાથી જુદું છે—આમ પોતે અંદર જિજ્ઞાસાથી આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે, તે સાચી મુમુક્ષુતા છે.

## * તારી મતિ-કલ્પનાથી તું માર્ગમાં ચાલતો નહિ *

દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા તેનો અર્થ એમ છે કે જે પોતે આગળ વધવા માંગે છે તેણે દેવ-શાસ્ત્ર-ગુરુ શું કહી રહ્યાં છે, તેમણે શું માર્ગ બતાવ્યો છે, તે હૃદયમાં રાખીને–તેનો આશય ગ્રહણ કરીને–મુક્તિનાં પ્રયાણ ચાલુ રાખવાં પણ તેથી શુભભાવમાં અટકી જવું એવો તેનો અર્થ નથી. પોતે દ્રવ્યદૃષ્ટિપૂર્વક સ્વરૂપમાં લીન થતો હોય ત્યારે શુભ વિકલ્પમાં અટકી જવું એવો તેનો અર્થ નથી. દેવ-શાસ્ત્ર-ગુરુ જ બતાવી રહ્યાં છે કે શુભ વિકલ્પ છે તે વિભાવ છે અને તું બધાથી નિરાળું નિર્વિકલ્પ તત્ત્વ છે. તું અમારા ઉપરથી પણ દૃષ્ટિ ઉઠાવી દે, રાગનો ભાવ છોડી દે ને વીતરાગ થઈ જા, તેમ દેવ-શાસ્ત્ર-ગુરુ પોતે બતાવી રહ્યા છે. પ્રયોજન તો વીતરાગતા કરવાનું છે પણ સાધક છે એટલે પહેલાંથી વીતરાગતા પૂર્ણ થઈ જતી નથી ને તેનો ઉપયોગ બહાર આવે છે. ભેદજ્ઞાનની ધારા ચાલતી હોય ત્યારે પણ શુભના અનેક જાતના વિકલ્પો હોય છે. માટે શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુને તારે સાથે રાખવા. તું તારી મેળાએ–તારી મતિ-કલ્પનાથી માર્ગને શોધીશ નહિ. દેવ-શાસ્ત્ર-ગુરુ શું કહી રહ્યાં છે તેનો આશય સમજીને તું તે માર્ગે ચાલજે, મુક્તિનાં પ્રયાણ ચાલુ રાખજે. દેવ-શાસ્ત્ર-ગુરુ શું કહે છે તે આશય સમજીને પછી સ્વભાવ સાથે મેળવી, તારા પોતાથી નિર્ણય કરી–નક્કી કરી મુક્તિનાં પ્રયાણ ચાલુ રાખજે. તારી મતિ-કલ્પનાથી તું માર્ગમાં ચાલતો નહિ એવો અર્થ છે.

## * જ્ઞાન તે જ હું છું *

આત્માનો જ્ઞાનસ્વભાવ કેવી રીતે ગ્રહણ થાય ? રાગથી કેમ છૂટો પડું ? ભેદજ્ઞાન

કેમ થાય? પ્રજ્ઞાછીણીથી સૂક્ષ્મ થઈને અંદરમાં જ્ઞાનને કેમ ગ્રહણ કરાય? આટલો ટાઈમ થયો તો કેમ થતું નથી? એવી બધી અંદરમાં આકુળતા થાય છતાં તેમાં શાંતિ રાખે કે મારી ભાવના છે તો થવાનું જ છે. પ્રયત્ન ચાલુ જ રાખે ને ધીરજથી માર્ગને ઓળખવાનો પ્રયત્ન કરે. આત્માનો સ્વભાવ શું છે? જ્ઞાયક શું છે? જ્ઞાન તે જ હું છું, આ બધો રાગ છે તે મારો સ્વભાવ નથી. તે વેદન જુદી જાતનું છે અને જ્ઞાનનો જે જાણવાનો સ્વભાવ છે તે જાત જુદી છે. એમ લક્ષણથી રાગને ભિન્ન ઓળખ્યા કરે અને જ્ઞાનને ગ્રહણ કરે તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનું કારણ બને છે અને દર્શનમોહ ચાલ્યો જાય છે. પરંતુ તેને ધીરજ હોવી જોઈએ. જો આકુળતા-ઉતાવળ કરે તો કાર્ય ન થાય. ગમે તેટલો ટાઈમ જાય તો પણ વારંવાર પ્રયત્ન કર્યા જ કરે તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનું કારણ થાય છે. પહેલાં આકુળતા તો થાય પણ શાંતિ રાખવી જોઈએ.

## * લૌકિક પ્રયોજનથી અત્યંત ન્યારો હોય છે *

પાત્ર શિષ્ય હોય તેને અંતરથી આત્માની જ લગની લાગી હોય કે મારે એક ચૈતન્ય જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. તેને દરેક કાર્યમાં આત્માનું જ પ્રયોજન હોય છે, બીજું બધું પ્રયોજન તેને ગૌણ થાય છે. આત્માને એકને મુખ્ય રાખીને તેનાં દરેક કાર્યો હોય છે. શુભભાવનાં કાર્યોમાં પણ તેને એક આત્માનું પ્રયોજન હોય છે, બીજું બહારનું કોઈ પ્રયોજન તેને હોતું નથી. શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રભાવના કેમ થાય તેવા ભાવ આવે છે અને આત્માનું પ્રયોજન સાથે હોય છે, બીજું કોઈ પ્રયોજન હોતું નથી—લૌકિક પ્રયોજનથી અત્યંત ન્યારો હોય છે. તેને તો એક આત્માની જ લગની લાગી છે; લૌકિકનું, બહારનું કે મોટાઈનું કોઈ પ્રયોજન હોતું નથી. મારા આત્માને કેમ લાભ થાય તે એક જ પ્રયોજન આત્માર્થીને હોય છે. શ્રી જિનેન્દ્રદેવ, જેમણે સાધના પ્રગટ કરી છે એવા ઉપકારી ગુરુ અને શાસ્ત્ર તેની કેમ પ્રભાવના થાય તેવી તેને પ્રીતિ હોય છે. જેમણે આત્માનો માર્ગ બતાવ્યો, તે માર્ગની પ્રાપ્તિ માટે માર્ગદર્શન આપ્યું અને જેનો પરમ ઉપકાર છે તેમની કેમ પ્રભાવના થાય તેવો હેતુ પાત્ર શિષ્યને હોય છે, બીજો કોઈ અન્ય હેતુ તેનો હોતો નથી. આ પાત્ર જીવનું લક્ષણ છે.

## * તત્ત્વના ઊંડા વિચારો કરવા *

સૂક્ષ્મ ઉપયોગની ભૂમિકાએ પહોંચવા માટે તત્ત્વના ઊંડા વિચારો કરવા, જ્ઞાયકની લગની લગાવવી, તેનો મહિમા કરવો. બહાર ઉપયોગ જે જાય છે તે બધો સ્થૂલ છે.

તેની મહિમા અને એકત્વબુદ્ધિ તોડીને હું ચૈતન્ય છું, હું મહિમાનો ભંડાર છું, બધું મારામાં છે, બહારમાં કાંઈ નથી એમ બધા વિકલ્પોની વચ્ચે હું કોણ છું તેને ઓળખવાનો પ્રયત્ન કરવો. તે માટે પોતે સૂક્ષ્મ ઉપયોગ કરે તો તેને ઓળખી શકે છે. બહાર જતો સ્થૂલ ઉપયોગ હોય તો ઓળખી ન શકે. માટે તત્ત્વના વિચારો કરવા, મહાપુરુષોએ જે માર્ગ બતાવ્યો છે તેના વાંચન-વિચારો કરવા અને પોતે અંતરમાં આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો.

## * આત્માનું માહાત્મ્ય લાવવાનો ઉપાય *

સ્વભાવ જોયો નથી પણ વિચારથી નક્કી કરી શકે છે. આત્મા તરફ રુચિ રહે, બહારમાં ક્યાંય રુચિ કે શાંતિ લાગે નહીં–આકુળતા લાગે; દરેક વિચારમાં પણ ઊંડો ઊતરીને જોવે તો તે આકુળતાસ્વરૂપ લાગે તેથી આનંદસ્વરૂપ શું છે ? આ બધું આકુળતાસ્વરૂપ છે તો આનંદ કયા તત્ત્વમાં છે ?–એમ આનંદની એકદમ શોધ કરે; વળી આ બધા પદાર્થો ક્ષણે ક્ષણે પલટાય છે તો શાશ્વત એવું દ્રવ્ય શું છે કે જેમાં આનંદ ભરેલો છે ? અનંત જ્ઞાન ભરેલું દ્રવ્ય કેવું છે ?–એ રીતે તે તરફના અંતરમાં વારંવાર વિચાર કરે તો સ્વભાવને ઓળખે. બહારનું આ બધું તો લૂખું છે, તેમાં ક્યાંય સંતોષ કે શાંતિ નથી પણ એક ચૈતન્યતત્ત્વ જ એવું છે કે જેમાં અનંત શાંતિ-સુખ-આનંદ ને અપૂર્વતા ભરેલી છે.–આમ આત્માને સ્વભાવથી ઓળખવો.

દેવ–ગુરુ સ્વાનુભવ કરીને કહી રહ્યા છે કે અનંતકાળથી નથી પ્રગટ્યું એવું કોઈ અનુપમ તત્ત્વ તારામાં છે. આ વાતનો પોતે વિચાર કરી પોતાના સ્વભાવ સાથે મેળવે અને નક્કી કરે કે મારું અપૂર્વ તત્ત્વ કોઈ જુદું જ છે, અને પરિણતિ અંતરમાં જાય તો અનુભવ થઈ શકે એવું છે.

ગુરુદેવની વાણી પાછળ અપૂર્વતા હતી. તેઓ આત્માની અપૂર્વતા, આત્માનો ચમત્કાર, આત્માની મહિમા બતાવતા હતા. તે વાતને પોતે અંતરમાં પોતાના સ્વભાવ સાથે મેળવીને, મને નથી દેખાતો તોપણ આત્મા મહિમારૂપ છે એમ નક્કી કરવું. પોતે વિચાર કરીને તેમ જ શાસ્ત્ર દ્વારા, ગુરુની વાણી દ્વારા ને યુક્તિથી અંતર ચૈતન્યનો સ્વભાવ ઓળખીને નક્કી કરે. જે સ્વભાવ હોય તે અમર્યાદિત હોય, વળી જે આનંદને ઈચ્છી રહ્યો છે તે તત્ત્વમાં અનંત ને અપૂર્વ આનંદ ભરેલો હોવો જોઈએ તથા આનંદ કોઈ બીજાના આશ્રયે ન થાય–સ્વયંથી થાય. આમ અંતરમાં પોતે મેળવીને નક્કી કરે, મહિમા લાવે ને તે બાજુનો પુરુષાર્થ કરે તે આત્માનું માહાત્મ્ય લાવવાનો ઉપાય છે.

## * મૂંઝવણ યથાર્થ થાય તો તેને માર્ગ મળ્યા વગર રહે જ નહિ *

મૂંઝવણ યથાર્થ થાય તો તેને માર્ગ મળ્યા વગર રહે જ નહિ એવું વસ્તુનું સ્વરૂપ છે. મૂંઝાયેલો મૂંઝવણમાં ટકી જ ન શકે. આ વિકલ્પની જાળમાં ગૂંચવાયેલો-મૂંઝાયેલો કે જેને શાંતિ નથી, અશાંતિ છે તે એક ક્ષણવાર પણ તેમાં ટકી શકતો નથી. જેને યથાર્થ મૂંઝવણ અંદરથી થાય કે આ વિકલ્પ હવે જોતા જ નથી તો તેમાં ટકી જ શકે નહિ અને પોતા તરફ તેની પરિણતિ વળ્યા વગર રહે જ નહિ—અર્થાત્ જ્ઞાયકને ઓળખ્યા વગર રહે જ નહિ, જ્ઞાયકનું શરણ લીધા વગર રહે જ નહિ. જેમ ખરેખર મૂંઝાયેલો માણસ ગમે તેનો ટેકો લેવા જાય છે, તેમ અંદરથી મૂંઝાયેલો પોતાના સ્વરૂપનો ટેકો લીધા વગર રહેતો જ નથી. તે પોતાના સ્વભાવને ગ્રહણ કરી જ લે છે. માટે યથાર્થ જે મૂંઝાયેલો હોય અને યથાર્થ જિજ્ઞાસા જાગે તો તે સ્વભાવનો ટેકો અંતરમાંથી લીધા વગર રહેતો જ નથી, સ્વભાવને ઓળખી જ લ્યે છે.

## * ખરી લગની હોય તો કાર્ય આવ્યા વગર રહેતું જ નથી *

બહારમાં તેને ક્યાંય ગમે નહિ, ક્યાંય રુચે નહિ, ક્યાંય ચેન પડે નહિ, ક્યાંય સુખ લાગે નહિ અને આ બાજુ સુખ મારા આત્મામાં છે, મને આત્મા કેમ ઓળખાય? કેમ ઓળખાય?—એવી જાતની ક્ષણે ને ક્ષણે ચૈતન્યની લગની લાગે, એક ને એક લગની લાગે એનો મહિમા આવે તો ઉપયોગ સૂક્ષ્મ થયા વગર રહે નહિ. સાચી રુચિ લાગે, સાચો પુરુષાર્થ કરે—સાચું કારણ પ્રગટ થાય તો કાર્ય આવ્યા વગર રહેતું નથી. જેમ આકોલિયાનું બી વાવે અને આંબો ઊગે એમ બને નહિ, આંબાનું બીજ વાવે તો જ આંબો ઊગે છે, તેમ આત્માને યથાર્થ ઓળખે, ચૈતન્યનું મૂળ ઓળખે અને પછી તેમાં જ્ઞાન–વૈરાગ્ય–ધ્યાનનું સિંચન કરે તો તે પ્રગટ થાય. તેનો મૂળ સ્વભાવ ઓળખવો જોઈએ. આ સ્વભાવ છે અને આ વિભાવ છે—એમ વિભાવ-સ્વભાવનો ભેદ પાડીને સ્વભાવને ઓળખવો જોઈએ.

ખરી લગની હોય તો કાર્ય આવ્યા વગર રહેતું જ નથી. માટે સ્વભાવ ઓળખવાનો જ પ્રયાસ કરવો, થાકવું નહિ. તેનો પ્રયાસ કરવાથી કાર્ય થાય છે અને તે જ સ્વભાવનું ખરું ગ્રહણ કરવાની રીત છે.

## દક્ષિણ ગુજરાતની પ્રસિદ્ધ નગરી સુરત શહેરમાં સાનંદ સમ્પન્ન

# શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ

[તા. ૧૯-૧-૨૦૦૦ થી તા. ૨૬-૧-૨૦૦૦]

ભારતવર્ષના ગુજરાતની પ્રસિદ્ધ નગરી સુરત શહેરમાં ત્યાંના શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ દ્વારા આપણા પરમ-તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમજ પરમોપકારી ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકાર પ્રતાપે વિ. સં. ૨૦૪૫માં નિર્માપિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરના વિસ્તૃતિકરણ-આયોજનના અંતર્ગત તેના ઉપરના માળે ભગવાન શ્રી આદિનાથ, સામાન્યકેવળી શ્રી ભરતેશ્વર તથા વીતરાગ મુનીન્દ્ર શ્રી બાહુબલી ભગવાનના તેમજ મૂલ વેદીમાં શ્રી સીમંધરસ્વામીની આજુબાજુમાં શ્રી શાંતિનાથ તેમ જ શ્રી પાર્શ્વનાથના પ્રતિષ્ઠાનિમિત્ત શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક-પ્રતિષ્ઠા-વિધાનના ભવ્ય સમારોહનું આયોજન તા. ૧૯-૧-૨૦૦૦ બુધવાર થી તા. ૨૬-૧-૨૦૦૦ બુધવાર—આઠ દિવસનું અત્યાનન્દોલ્લાસ સહ ઉજવાયું. સોનગઢ, રાજકોટ, ભાવનગર, વઢવાણ, સુરેન્દ્રનગર, અમદાવાદ, બોટાદ વગેરે સૌરાષ્ટ્ર-ગુજરાતના અનેક શહેરો અને અંડવા, સનાવદ, ભોપાલ, શિવપુરી, કલકત્તા, મદ્રાસ, બેંગ્લોર, હૈદ્રાબાદ વગેરે બહારના રાજ્યોથી તથા મુંબઈ તેમજ તેના જુદા જુદા ઉપનગરોથી તથા નાઈરોબી (કેન્યા), લંડન, અમેરિકા વગેરે સ્થળેથી આવેલ લગભગ ૨૫૦૦ થી વધુ મુમુક્ષુઓ આ મંગલ મહોત્સવનો લાભ લીધો હતો.

સુરત શહેર આપણા ઊંડા આદર્શ-આત્માર્થી આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જેઠાલાલ શાહની ૧૫ વર્ષ સુધી અધ્યાપન-કર્મભૂમિ રહી અને તે સમયે પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ પૂજ્ય બહેનશ્રીની કૃપાભીની મંગલ પ્રેરણાથી પંડિતજીએ પરમાગમ શ્રી સમયસારનો (શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવની ટીકા સહિત) ગુજરાતી ભાષામાં આપૂર્ણ ગદ્યપદ્યાનુવાદ પૂરો કર્યો હતો તથા તે સમયે ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેને, નિર્મળ સમ્યક્ત્વ તેમજ સ્વાનુભૂતિની પ્રાપ્તિ પછી પોતાના મોટાભાઈ આદરણીય પંડિતજીના ઘર પર ચાર મહિના રહીને એકાંતમાં પોતાની સાધનામાં નિર્મળતાની અભિવૃદ્ધિ કરી હતી. આથી 'વે ગુરુ ચરણ જહાં ધરે, જગમેં તીરથ તેહ; સો રજ મમ મસ્તક ચઢો, સેવક માગે એહ'—તે ન્યાયે તીર્થોપમ સુરત શહેરની વિશિષ્ટતા જાણીને બધા મુમુક્ષુઓને સુરતની જિનબિંબ-પ્રતિષ્ઠામાં વિશેષ આનંદ તેમજ ઉલ્લાસ હતો. સુરતવાસીઓએ તેમજ બીજાઓએ તન-મન-ધનથી ઘણો લાભ લીધો હતો.

આ મંગલ પ્રતિષ્ઠામાં વિધિનાયક હતા બાવીસમાં તીર્થંકર કુમારબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાન. વિધિ-અધ્યક્ષ હતા શાસનનાયક બાલબ્રહ્મચારી શ્રી મહાવીર ભગવાન. દરરોજ સવારે પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન, સાંજે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો-ધર્મચર્ચા તથા બપોરે તેમજ સાંજે આવેલ વિદ્વાનો દ્વારા શાસ્ત્ર-પ્રવચન તથા અમેરિકાથી આવેલ ત્યાંના ટ્રસ્ટના અધ્યક્ષ ડૅ. શ્રી કિરીટભાઈ ગોસલિયા દ્વારા અંગ્રેજી ભાષામાં શિક્ષણવર્ગ તો ચાલતા જ હતા. એ

ઉપરાંત પ્રતિષ્ઠાવિધિનો મંગલ અનુક્રમ નીચે પ્રમાણે હતો—

**તા. ૧૯-૨-૨૦૦૦ના રોજ :—** પ્રતિષ્ઠાવિધિના ક્રમાનુસાર શાંતિજાપ પ્રારંભ, પ્રતિષ્ઠા મંડપશુદ્ધિ, જેની સાક્ષ્યમાં—મંગલવર્ધક આશ્રયમાં—આ જિનબિંબોત્સવ સુસમ્પન્ન કરવામાં આવ્યો તે વિધિ-અધ્યક્ષ શ્રી મહાવીર ભગવાનના પ્રતિષ્ઠિત જિનબિંબોનો વિશાલ શોભાયાત્રાપૂર્વક ભવ્ પ્રતિષ્ઠાવેદીમાં વિરાજમાન કરવાની મંગલ વિધિ, નાન્દીવિધાન, અખંડ- દીપ-પ્રદીપન, મંગલ ધર્મ-ધ્વજારોહણ, પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા.

**તા. ૨૦-૧-૨૦૦૦ના દિવસે :—** સવારે દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા પછી આચાર્ય-અનુજ્ઞ (પૂજ્ય ગુરુદેવશ્રીના ભવ્ય ચિત્રપટ સમક્ષ), ઈન્દ્રપ્રતિષ્ઠા, ઈન્દ્ર-શોભાયાત્રા, રાત્રિમાં સાંસ્કૃતિક કાર્યક્ર (બાળકો દ્વારા ધાર્મિક નાટક).

**તા. ૨૧-૧-૨૦૦૦ના દિવસે :—** સવારે દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા તેમજ ગુરુદેવશ્રીના ટે પ્રવચન પછી પ્રતિષ્ઠાવિધાનમાં આવશ્યક એવી (ઈન્દ્રો દ્વારા સમ્પન્ન થનારી) શ્રી વસુબિન્દુ (જયસેન આચાર્યદેવ પ્રણીત સંસ્કૃત-પદ્યમય 'શ્રી યાગમંડલ-પૂજા', બપોરે જલયાત્રા, સાંજે વેદી-મંદિર કલશ-ધ્વજશુદ્ધિ અને રાત્રિમાં ગર્ભકલ્યાણકની પૂર્વ ક્રિયા (અહમિન્દ્રસભા, ઈન્દ્રસભા, તેમજ સમુદ્રવિજ મહારાજાની રાજ્યસભા); અહો ! તે મનોહારી સભાઓના ભવ્ય દૃશ્ય તો અતીવ મનમોહક હત 'જયન્ત' નામક અનુત્તરવિમાનવાસી અહમિન્દ્ર (નેમિનાથનો પૂર્વભવ) ઉગ્ર સંયમ સાધનાના અ દુર્લભ મનુષ્યપર્યાયની શીઘ્ર પ્રાપ્તિ માટે તડપતા હતા. ઈન્દ્રસભા સ્વાનુભવ પ્રમુખ અધ્યાત્મ-તત્ત્વજ્ઞા તેમજ તીર્થંકરમહિમાના સુમધુર વાર્તાલાપથી પ્રેક્ષકોના હૃદયને આનંદિત કરતા હતા. શ્રી સમુદ્રવિજ મહારાજાની રાજ્યસભામાં વિભિન્ન રાજાઓ દ્વારા કરવામાં આવેલી જિનેન્દ્રમહિમાસભ અધ્યાત્મતત્ત્વચર્ચા, મહારાણી શિવાદેવી, તેમની સેવામાં ઈન્દ્ર દ્વારા નિયુક્ત, શ્રી હ્રી ધૃતિ આ અષ્ટ કુમારિકા દેવીઓની સાથે અધ્યાત્મરસપૂર્ણ મનોહર તત્ત્વગોષ્ઠી અને આ બધાથી નિર્મિ જિનેન્દ્રભક્તિમય તેમજ આહ્લાદકારી અનુપમ વાતાવરણ ખરેખર ખૂબ જ અદ્ભુત હતું.

**તા. ૨૨-૧-૨૦૦૦ના દિવસે :—** સવારે સ્વપ્નદર્શન, સ્વપ્નફલદર્શન, ગર્ભકલ્યાણક, ઈન્ દ્વારા ગર્ભકલ્યાણકપૂજા અને રાત્રિમાં ગર્ભકલ્યાણકની શેષ વિધિ. (શ્રી હ્રી વગેરે દેવીઓ દ્વા માતાની સેવાભક્તિ.)

**તા.૨૩-૧-૨૦૦૦ના દિવસે :–** સવારે જન્મકલ્યાણક (રાજસભા, ઈન્દ્રસભા), જન્માભિષે માટે ભવ્ય શોભાયાત્રા, સુમેરુપર્વતના પાંડુકવનમાં ઈશાન ખૂણા પર સ્થિત પાંડુકશિલા પર ભ જન્માભિષેક, ઈન્દ્રો દ્વારા જન્મકલ્યાણક પૂજા, શ્રી સમુદ્રવિજય મહારાજાના મહેલમાં ઈન્દ્ર દ્વારા તાં નૃત્ય, ત્યારબાદ પારણા ઝુલંન, રાત્રિમાં સમુદ્રવિજય મહારાજાના દરબારમાં વાસુદેવ દ્વારા નેમિકુમાર લગ્નનો પ્રસ્તાવ, લગ્નોત્સવમાં આવેલા અનેક દેશોના રાજાઓ દ્વારા શ્રી નેમિકુમારના લગ્ન નિમિત્તે

**તા. ૨૪-૧-૨૦૦૦ના દિવસે :—** સવારે યુવરાજ શ્રી નેમિકુમારની ભવ્ય લગ્નયાત્રા, નિર્દ પશુઓનું આક્રંદ સાંભળતા કરુણાર્દ્ર નેમિનાથનો રથસારથીની સાથે તે વિષયે વાર્તાલાપ, અવધિજ્ઞાન

વાસુદેવનો માયાપ્રપંચ જાણીને નેમિકુમારને સંસારથી વૈરાગ્ય, જૈનેશ્વરી દીક્ષા માટે વનપ્રયાણ, દીક્ષાગ્રહણવિધિ, સંયમની ભાવના પર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન, તપકલ્યાણક પૂજા, બપોરે અંકન્યાસવિધિ તેમજ મંત્ર સંસ્કાર, સાંજે નેમીશ-સાધનાદર્શન તેમજ મુનિવરભક્તિ, રાત્રિમાં નેમિનાથ-પૂર્વભવ-ચિત્રપ્રદર્શન, બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ.

**તા. ૨૫-૧-૨૦૦૦ના દિવસે :— સવારે** પૂજા તેમજ ટેપ-પ્રવચન, પછી શ્રી નેમીશ મુનિવરને આહારદાન, બપોરે ક્ષપકશ્રેણી-આરોહણના મંત્રસંસ્કાર (તિલકદાનવિધિ, અધિવાસના, સ્વસ્ત્યયન, શ્રીમુખોદ્‌ઘાટન, નયનોન્મીલનક્રિયા, સૂરિમંત્ર), કેવલજ્ઞાન કલ્યાણક, સમવસરણ રચના, કેવલજ્ઞાનકલ્યાણક પૂજા, જિનવર વિહાર તેમજ દેશના (પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન), રાત્રિમાં ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમ.

**તા. ૨૬-૧-૨૦૦૦ના દિવસે :— સવારે** નિર્વાણકલ્યાણક-સમારોપણ નિમિત્તે નિર્વાણ-ભક્તિ નિર્વાણપૂજા, ભવ્ય શોભાયાત્રાપૂર્વક નવપ્રતિષ્ઠિત જિનબિંબોની (જિનાલયોની વેદીમાં બિરાજમાન કરવા માટે) મંગલ આનયનવિધિ, પ્રતિષ્ઠાવિધિ પહેલાં ભક્તિપાઠ, વેદીમાં શ્રી જિનબિંબપ્રતિષ્ઠા, કલશ-ધ્વજારોહણ, જિનવાણી સ્થાપના, પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુની તથા ભગવત્કુંદકુંદાચાર્યદેવ, પૂજ્ય ગુરુદેવ તેમજ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિશાલ ભવ્ય ચિત્રપટની અનાવરણવિધિ, બપોરે શાંતિયજ્ઞ, સાંજે પ્રતિષ્ઠા-સમાપન રથયાત્રા, જિનમંદિરમાં જિનવર-આરતી તેમજ ભક્તિ.

**પ્રતિષ્ઠાપાઠવિધિ અને વિધિવિધાનકાર :** વસુબિન્દુ-પ્રતિષ્ઠાપાઠ તેમજ પ્રતિષ્ઠા પ્રદીપના આધારથી બિલકુલ શુદ્ધામ્નાયાનુસાર સમ્પન્ન કરવામાં આવેલ—આ મંગલ પ્રતિષ્ઠાનું સમગ્ર વિધિવિધાન પૂજ્ય ગુરુદેવશ્રીના અંતેવાસી આત્માર્થી વિદ્વાન બાલબ્રહ્મચારી ભાઈ શ્રી ચંદુલાલભાઈ ઝોબાલિયા (સોનગઢ) તેમજ વઢવાણનિવાસી આત્માર્થી વિદ્વાન બાલબ્રહ્મચારી ભાઈ શ્રી વ્રજલાલભાઈ ગિરધરલાલ શાહે કરાવેલ હતા તથા પ્રત્યેક વિધિમાં શ્રી સુભાષભાઈ શેઠે (વાંકાનેર) પૂરો સહયોગ આપ્યો હતો. આ ત્રણેય ભાઈઓએ ભક્તિભાવથી સહૃદય પરિશ્રમ લઈને પ્રતિષ્ઠાની સંપૂર્ણ તેમજ શુદ્ધ શાસ્ત્રોક્ત વિધિ જે કૌશલ્ય, સતર્કતા તેમજ રોચક ઢંગથી કરાવી તે જોઈને અનેક હિન્દી-ગુજરાતી ભાષી મુમુક્ષુ મહાનુભાવ પોતાનો આનંદ વ્યક્ત કરતા હતા.

**મંડળને ધનલાભ :** થોડા સમયમાં આ શ્રી સીમંધરજિનાલયના ભવ્ય વિસ્તૃતિકરણ તેમજ પંચકલ્યાણક પ્રતિષ્ઠાના ભગીરથ કાર્યને સંપન્ન કરવામાં સમગ્ર સુરત દિગંબર જૈન મુમુક્ષુમંડળે તન-મન-ધનથી ભક્તિ તેમજ ઉલ્લાસભર્યો પૂરો યોગ આપ્યો હતો. મુખ્ય કાર્યકરોએ તો દિવસ-રાત એક કર્યા. સ્થાનિક તેમજ ધવલભાઈ મહેતા તથા પ્રકાશભાઈ જૈન, ભોગીભાઈ ડગલી, ભૂપેન્દ્રભાઈ શેઠ, જિનેશ મોદી, બાબુ (પાર્થિવ), ધર્મેન્દ્ર મોદી, જયેશ દોશી, મહેશ શેઠ આદિ યુવકમંડળના બધા કાર્યકર, સોનગઢ ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરા, ટ્રસ્ટી તેમજ મંત્રી ટ્રસ્ટી શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, ટ્રસ્ટી શ્રી જિતુભાઈ શાહ તેમજ સુરત મંડળના પ્રમુખ શ્રી હરિભાઈ પરબતભાઈ પટેલના માર્ગદર્શન તેમજ નિર્દેશ અનુસાર સતર્કતાથી આ મંગલ કાર્યમાં પોતાના વ્યાપાર વગેરે

ઘરેલુ કાર્યની ઉપેક્ષા કરીને તન-મન-ધનથી લાગી ગયા હતા. વાસ્તવમાં તો, પૂજ્ય ગુરુદેવ તેમજ પૂજ્ય ભગવતી માતા પ્રતિ ભક્તિભાવભીની સમર્પણતાજનિત એમની એકતાએ જ આ ભગીરથ કાર્ય સાકાર કર્યું હતું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવનાદયથી આ પ્રતિષ્ઠાના અવસર પર જુદી જુદી બોલીઓમાં અને પ્રતિષ્ઠાફંડમાં મુમુક્ષુઓ સ્વયં સ્ફુરિત ભાવનાથી, ધનની વર્ષા થતી હતી. આ ઉત્સવમાં શ્રી સુરત દિગંબર જૈન મુમુક્ષુમંડળને રૂપિયા ૬૮ લાખની આવક થઈ હતી.

**શાસ્ત્ર-પ્રવચનકાર :** પંચકલ્યાણક પ્રતિષ્ઠાના આ શુભાવસરે પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ પૂજ્ય ભગવતી માતા પ્રતિ શ્રદ્ધાભક્તિવંત અધ્યાત્મતત્ત્વપ્રેમી વિદ્વાન સર્વશ્રી હિંમતભાઈ ડગલી, રાજુભાઈ કામદાર (રાજકોટ), સુભાષભાઈ શેઠ (વાંકાનેર), ડૉ. પ્રવિણભાઈ દોશી (રાજકોટ) અને નિરંજનભાઈ ડેલીવાળા (સુરત)એ શાસ્ત્રપ્રવચન કર્યા હતા.

શ્રી પંચકલ્યાણક-જિનબિંબપ્રતિષ્ઠામહોત્સવના વિભિન્ન મંગલ વિધિ-વિધાનમાં હર્ષોલ્લાસપૂર્વક લાભ લેવાનું સૌભાગ્ય નીચેના મહાનુભાવોને સંપ્રાપ્ત થયું હતું.

| | |
|---|---|
| (૧) **શ્રી સીમંધરનાથ-પ્રતિષ્ઠા :** | શ્રી ધૂરાજી નન્દાજી શાહ-પરિવાર, સુરત; |
| (૨) **શ્રી શાંતિનાથ-પ્રતિષ્ઠા :** | શ્રી ડાહ્યાભાઈ ધૂરાજી શાહ-પરિવાર તથા શ્રી બાબુલાલ ધુરાજી શાહ-પરિવાર, સુરત; |
| (૩) **શ્રી પાર્શ્વનાથ-પ્રતિષ્ઠા :** | શ્રી પ્રફુલ્લભાઈ દેવચંદભાઈ રાજા-પરિવાર, નાઈરોબી; (હસ્તે શ્રેયસ-કલ્પના, સુજલ-દીપ) |
| (૪) **શ્રી આદિનાથ-પ્રતિષ્ઠા :** | શ્રી જસવંતભાઈ શાંતિલાલ શાહ-પરિવાર, અમદાવાદ; |
| (૫) **શ્રી ભરતકેવલી-પ્રતિષ્ઠા :** | શ્રી જયંતીલાલ ભીખાભાઈ શાહ-પરિવાર, સુરત; |
| (૬) **શ્રી બાહુબલી મુનિરાજ -પ્રતિષ્ઠા :** | શ્રી શીલાબેન તથા માતુશ્રી રૂપાલીબેન અમરચંદભાઈ ડગલી-પરિવાર, ઘાટકોપર; |
| (૭) **વિધિનાયક શ્રીનેમિનાથ-પ્રતિષ્ઠા :** | શ્રી હરિભાઈ પરબતભાઈ પટેલ-પરિવાર, સુરત; |
| (૮) **શ્રી સિદ્ધપરમેષ્ઠી-પ્રતિષ્ઠા :** | શ્રી જયંતીલાલ ચીમનલાલ દોશી-પરિવાર, બોરીવલી; |
| (૯) **શ્રી મહાવીરસ્વામી-પ્રતિષ્ઠા :** | શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ-પરિવાર, સુરત; |
| (૧૦) **શ્રી ધાતકી-વિદેહીનાથ :** | શ્રી વ્રજલાલ ભાઈલાલ ડેલીવાલા-પરિવાર, સુરત; |
| (૧૧) **ગુરુદેવશ્રી-પ્રતિકૃતિ :** | શ્રી શારદાબેન શાંતિલાલ શાહ-પરિવાર, (હા. નેમીશભાઈ તથા શ્રી કેતનભાઈ), મુંબઈ. |

## ❋ જિનબિંબ-નિર્માણ-લાભ ❋

| | |
|---|---|
| (૧) **શ્રી શાંતિનાથ-જિનબિંબ :** | શ્રી વ્રજલાલ ભાઈલાલ ડેલીવાલા-પરિવાર, સુરત; |
| (૨) **શ્રી આદિનાથ-જિનબિંબ :** | શ્રી લલિતાબેન વ્રજલાલભાઈ શાહ-પરિવાર, જલગાંવ; |
| (૩) **શ્રી આદિનાથ-જિનબિંબ :** | શ્રી પ્રભુદાસભાઈ તારાચંદભાઈ કામદાર, હા.શ્રી હર્ષદભાઈ-સોનગઢ; |

| | |
|---|---|
| (૪) શ્રી ભરત-કેવલી-જિનબિંબ : | શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ-પરિવાર, સુરત; |
| (૫) શ્રી બાહુબલી-મુનિબિંબ : | શ્રી ભૂરાલાલ ગોપાલજી કામદાર-પરિવાર, સુરત; |
| (૬) શ્રી નેમિનાથ-જિનબિંબ : | કેટલીક બ્રહ્મચારિણી બહેનો, સોનગઢ; |
| (૭) શ્રી સિદ્ધ-પ્રતિમા : | શ્રીમતી વિભૂતિ કિરીટભાઈ ગોસલિયા, અમેરિકા; |
| (૮) ગુરુદેવશ્રીનું સ્ટેચ્યુ | શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ-પરિવાર તથા શ્રી ભૂરાલાલ ગોપાલજી કામદાર-પરિવાર, સુરત. |

| | |
|---|---|
| પિતા સમુદ્રવિજય મહારાજા | શ્રી હરિભાઈ પરબતભાઈ પટેલ તથા ધર્મપત્ની |
| માતા શિવાદેવી મહારાની | શ્રી શાંતાબેન હરિભાઈ પટેલ, સુરત |
| ૧. સૌધર્મ ઇન્દ્ર– શચી ઇન્દ્રાણી : | શ્રી હર્ષદભાઈ પ્રભુભાઈ કામદાર તથા તદ્ધર્મપત્ની શ્રીમતી ઉષાબેન હર્ષદભાઈ કામદાર, સોનગઢ; |
| ૨. ઈશાન ઇન્દ્ર : | શ્રી જયસુખભાઈ હરિભાઈ પટેલ, સુરત; |
| ૩. સાનત્કુમાર ઇન્દ્ર : | શ્રી હરીશકાંત મોહનલાલ મોદી, સુરત; |
| ૪. મહેન્દ્ર ઇન્દ્ર : | શ્રી રસિકલાલ ભૂરાલાલ કામદાર, સુરત; |
| ૫. બ્રહ્મ ઇન્દ્ર : | શ્રી પ્રદીપકુમાર મનસુખભાઈ દેસાઈ, સુરત; |
| ૬. લાન્તવ ઇન્દ્ર : | શ્રી શિરીષચંદ્ર મનહરલાલ શાહ, સુરત; |
| ૭. મહાશુક્ર ઇન્દ્ર : | શ્રી શૈલેશભાઈ દેવજીભાઈ પટેલ, સુરત; |
| ૮. સહસ્રાર ઇન્દ્ર : | શ્રી સુરેશકુમાર ભૂરાલાલ ગોપાલજી કામદાર, સુરત; |
| ૯. આનત ઇન્દ્ર : | શ્રી પારસ રવીન્દ્રભાઈ મહેતા, સુરત; |
| ૧૦. પ્રાણત ઇન્દ્ર : | શ્રી રમેશભાઈ (સુપુત્ર શ્રી લલિતાબેન વ્રજલાલ શાહ), જલગાંવ; |
| ૧૧. આરણ ઇન્દ્ર : | શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ-પરિવાર, સુરત; |
| ૧૨. અચ્યુત ઇન્દ્ર : | શ્રી દીપકભાઈ રમણીકલાલ કામદાર, સુરત; |
| ૧૩. સૌધર્મ પ્રતીન્દ્ર : | ડૉ. શ્રી કિરીટભાઈ પ્રભુદાસભાઈ ગોસલિયા, અમેરિકા; |
| ૧૪. ઈશાન પ્રતીન્દ્ર : | શ્રી રવિન્દ્રભાઈ હિંમતલાલ મહેતા, ભાવનગર; |
| ૧૫. સાનત્કુમાર પ્રતીન્દ્ર : | શ્રી રજનીકાંત ત્રંબકલાલ શાહ; |
| ૧૬. મહેન્દ્ર પ્રતીન્દ્ર : | શ્રી વિપુલ ચંદુલાલ કામદાર, સુરત; |
| કુબેર : | શ્રી દિનેશચંદ્ર મનહરલાલ ધીરજલાલ શાહ-પરિવાર, સુરત |

## શ્રી સમુદ્રવિજય મહારાજાની રાજ્યસભાના સભ્ય રાજા

(૧) મહામંત્રી : શ્રી ચંદ્રકાંત શાંતિલાલ ડેલીવાલે, સુરત; (૨) વાસુદેવ : શ્રી રસિકલાલ હરિલાલ ઘોળકિયા, ઘાટકોપર; (૩) બલભદ્ર : શ્રી જિતેન્દ્રપ્રસાદ જૈન (દોહિત્ર : શ્રી શશીકલાબેન

લક્ષ્મીચંદ જૈન, સોનગઢ); (૪) શ્રી વ્રજલાલ ભાઈલાલ ડેલીવાલે (હા. શ્રી સિદ્ધકુમાર તથા સુધીરકુમાર) સુરત; (૫) શ્રી હિતેશકુમાર નરેન્દ્રભાઈ શાહ (હસ્તે શ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, જલગાંવ); (૬) શ્રી શાન્તુભાઈ ડાહ્યાલાલ શાહ, સુરત; (૭) શ્રી મહેન્દ્રભાઈ ભૂરાલાલ ગોપાલજી કામદાર, સુરત (૮) શ્રી બાબુભાઈ ધૂરાજી શાહ પરિવાર, સુરત; (૯) શ્રી હર્ષદભાઈ દેવજીભાઈ પટેલ, સુરત (૧૦) શ્રી નિરંજનભાઈ ચીમનલાલ ડેલીવાળા, સુરત; (૧૧) શ્રી સંદીપભાઈ નટવરલાલ શાહ; (૧૨) શ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી, મલાડ; (૧૩) શ્રી રશ્મિનકુમાર ચંદુલાલ ધોળકિયા (હસ્તે શ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, જલગાંવ); (૧૪) શ્રી સુરેશકુમાર હા. પારુલબેન, વલસાડ; (૧૫) શ્રી મહેન્દ્રભાઈ મનસુખલાલ શેઠ; (૧૬) શ્રી લલિતકુમાર મનસુખલાલ અજમેરા, નાલાસોપારા મુંબઈ (૧૭) શ્રી ભરતકુમાર શાંતિલાલ શાહ, ઘાટકોપર; (૧૮) શ્રી રસિકલાલ ભૂરાલાલ કામદાર, સુરત (૧૯) શ્રી મધુભાઈ નાથાભાઈ પટેલ, સુરત.

★ **વિધિ અધ્યક્ષ શ્રી મહાવીર ભગવાન બિરાજમાન વિધિ :** શ્રી નગીનદાસ હરગોવિંદદાસ અજમેરા, મુંબઈ; **અખંડ-જ્ઞાનપ્રદીપ :** શ્રી ગીરધરલાલ ઠાકરશી મોદી, મલાડ; **ધર્મધ્વજારોહણ :** શ્રી લલિતાબેન વ્રજલાલ શાહ-પરિવાર, જલગાંવ.

**અષ્ટકુમારિકા દેવી :** (૧) કુ. યશ્વી જયસુખભાઈ પટેલ, સુરત; (૨) કુ. ચાર્મી ચંદ્રકાંતભાઈ શાહ, સુરત; (૩) રચના રજનીકાંત શાહ, સુરત; (૪) કુ. વૈશાલી શિરીષચંદ્ર શાહ, સુરત; (૫) કુ. મિત્તલ મહેન્દ્રભાઈ શેઠ, સુરત; (૬) કુ. લિટલ રસિકલાલ કામદાર, સુરત; (૭) કુ. પીયૂષા હરીશકાંતભાઈ મોદી, સુરત; (૮) કુ. વિરલ સુધીરભાઈ શાહ, સુરત.

## ❃ કલશ-ધ્વજારોહણ ❃

**(૧) મુખ્ય કલશ :** શ્રી ચંપકલાલ વિક્રમચંદ સંઘવી, મુંબઈ;

**(૨) સામરણ-કલશ :** શ્રી હિમાંશુ રસિકલાલ હરિલાલ ધોળકિયા, ઘાટકોપર;

**(૩) ધ્વજારોહણ :** શ્રી ધૂરાજી નન્દાજી શાહ-પરિવાર, સુરત.

**સુવર્ણકળશ :** (૧) શ્રી પ્રફુલ્લભાઈ દેવચંદભાઈ રાજા-પરિવાર, નાઈરોબી; (૨) શ્રી લક્ષ્મીચંદભાઈ ભગવાનજીભાઈ શાહ, લંડન; (૩) શ્રી રળિયાતબેન રાયચંદભાઈ શાહ, નાઈરોબી (૪) શ્રી ચીમનભાઈ કરમણભાઈ શાહ, નાઈરોબી; (૫) શ્રી હંસમુખભાઈ પોપટલાલ વોરા, મુંબઈ (૬) શ્રી ભરતભાઈ પ્રાણજીવનદાસ બોકર, પાર્લા; (૭) શ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, જલગાંવ (૮) શ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી, મલાડ; (૯) સંયજકુમાર બાબુલાલ શાહ-સુરત.

**રૌપ્યકળશ :** (૧) શ્રી શામજી ભાણજી છેડા, હા. શ્રી વસંતભાઈ મુંબઈ; (૨) શ્રી હિંમતલાલ ભગવાનજી મેઘાણી, બોરીવલી; (૩) શ્રી કલ્પેશભાઈ જયન્તીભાઈ શાહ, સુરત; (૪) શ્રી ડાહ્યાભાઈ ધૂરાજી શાહ, સુરત; (૫) શ્રી જસવંતરાય પાનાચંદ ડગલી, મલાડ; (૬) શ્રી છોટાલાલ કેશવજી ભાયાણી, મલાડ; (૭) શ્રી જયંતીલાલ ચીમનલાલ દોશી, બોરીવલી; (૮) શ્રી અમરચંદ વાલજી ડગલી-પરિવાર, હા. શ્રી રસિકભાઈ; (૯) શ્રી ચંદ્રકાંત અમૃતલાલ કોઠારી, સુરત; (૧૦) શ્રી કેશવલાલ

વ્રજલાલ કોઠારી, મુંબઈ; (૧૧) શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર, રાજકોટ.

**પારણાઝૂલન :** (૧) શ્રી લલિતાબેન વ્રજલાલ શાહ-પરિવાર, જલગાંવ; (૨) શ્રી કસ્તૂરબેન માલદે, નાઈરોબી; (૩) શ્રીમતી પુષ્પાબેન ભીમજીભાઈ શાહ, લંડન; (૪) શ્રી રજનીકાંત મગનલાલ, મુંબઈ; (૫) શ્રી જયંતીલાલ ચીમનલાલ દોશી, બોરીવલી.

**લૌકાન્તિક દેવ :** (૧) શ્રી સમકિત પ્રદીપભાઈ દેસાઈ, સુરત; (૨) શ્રી જયેશ મધુભાઈ પટેલ, સુરત; (૩) શ્રી કલ્પેશ જયંતીભાઈ શાહ, સુરત; (૪) શ્રી આગમ હિતેશભાઈ શાહ, મુંબઈ; (૫) શ્રી જિનેશ ગિરધરભાઈ મોદી, મલાડ; (૬) શ્રી આદર્શ હર્ષદભાઈ ડેલીવાલા, સુરત; (૭) શ્રી દર્શન વિશાલ જૈન(પ્રપૌત્ર ચંપાબેન ઉમરાવપ્રસાદ જૈન) ખંડવા; (૮) શ્રી નિખિલ કનુભાઈ શાહ,સુરત.

**આહારદાન :** શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ-પરિવાર હા. શ્રી દિનેશભાઈ તથા શ્રી શિરીષભાઈ.

**જિનવાણી-પ્રતિષ્ઠા :** (૧) પરમાગમ શ્રી સમયસાર : શ્રી હંસમુખલાલ પોપટલાલ વોરા, મુંબઈ; (૨) પરમાગમ શ્રી સમયસાર : શ્રી ધનેશભાઈ શાહ, બોરીવલી; (૩) પરમાગમ શ્રી પંચાસ્તિકાયસંગ્રહ : શ્રી રીટાબેન રાજેશભાઈ, અમદાવાદ; (૪) પરમાગમ શ્રી નિયમસાર : શ્રી મોહનલાલ બેચરદાસ મોદી, મુંબઈ; (૫) પરમાગમ શ્રી અષ્ટપાહુડ : શ્રી પુષ્પાબેન મનસુખલાલ દોશી, મુંબઈ; (૬) ગુરુદેવશ્રીના વચનામૃત : શ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, જલગાંવ; (૭) બહેનશ્રીના વચનામૃત : શ્રી નરેશભાઈ નંદલાલ શાહ, સુરત; (૮) બહેનશ્રીનો જ્ઞાનવૈભવ : કેટલાક બ્રહ્મચારી બહેનો, સોનગઢ.

## * ચિત્રપટ-અનાવરણ *

| | |
|---|---|
| **(૧) ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ :** | શ્રી જિનેન્દ્ર શાંતિલાલ શાહ, સુરત; |
| **(૨) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ :** | શ્રી કેશવલાલ ખીમચંદ શાહ, હા. શ્રી રમેશભાઈ, પાર્લા; |
| **(૩) પૂજ્ય ગુરુદેવશ્રી :** | શ્રી હિંમતલાલ છોટાલાલ ઝોબાળિયા-પરિવાર હા. શ્રી નિરંજનભાઈ ઝોબાળિયા, સોનગઢ; |
| **(૪) પૂજ્ય બહેનશ્રી ચંપાબેન :** | શ્રી ધનેશભાઈ શાહ, બોરીવલી; |
| **(૫) અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરી :** | શ્રી કેશવલાલ ખીમચંદ શાહ-પરિવાર, પાર્લા. |

## * સ્વામી-વાત્સલ્યભોજન *

| | |
|---|---|
| **(૧) પ્રથમ દિવસ :** | શ્રી બાબુલાલ ધૂરાજી-પરિવાર, સુરત; |
| **(૨) બીજો દિવસ :** | શ્રી સુશીલાબેન રાજેન્દ્રભાઈ શાહ, સુરત; |
| **(૩) ત્રીજો દિવસ :** | શ્રી હીરાબેન જયંતીલાલ શાહ, સુરત; |
| **(૪) ગર્ભકલ્યાણક દિવસ :** | શ્રી હરિભાઈ પરબતભાઈ પટેલ, સુરત તથા દેવજીભાઈ વાલાભાઈ રૂપારેલિયા, હા. શ્રી હર્ષદભાઈ તથા શૈલેશભાઈસુરત; |

(૫) જન્મકલ્યાણક દિવસ : જમણ શ્રી નાઈરોબી દિગંબર જૈન મુમુક્ષુમંડળ; તથા (જલપાન-નાસ્તા) શ્રી કીર્તિભાઈ મણિલાલ વાલજીભાઈ ડગલી, મુંબઈ

(૬) તપકલ્યાણક દિવસ : એક સદ્‌ગૃહસ્થ મુમુક્ષુ (નામ અપ્રાપ્ય)

(૭) કેવલજ્ઞાનકલ્યાણક દિવસ : શ્રી દેવશીભાઈ કરમશીભાઈ, હા. શ્રી વિનોદભાઈ, વડોદરા

(૮) મોક્ષકલ્યાણક-પ્રતિષ્ઠાદિવસ : શ્રી ધીરજલાલ નરોત્તમદાસ શાહ, મુલુંડ.

પ્રતિષ્ઠામાં કુલ રૂપિયા ૬૭,૬૯,૮૬૨=૦૦ની આવક થઈ હતી.

*

## અમેરિકામાં આનન્દોલ્લાસ સહ ઉજવાનારી પૂજ્ય ગુરુદેવશ્રીની

# * ૧૧૧મી મંગલમય જન્મજયંતી *

ભારતનિવાસી અમેરિકાવાસી મુમુક્ષુઓએ અધ્યાત્મયુગપ્રવર્તક આપણા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની ૧૧૧મી મંગલમયી જન્મજયંતી ભવ્યરૂપે ઉજવવાનું આયોજન કર્યું છે. તદનુસાર ન્યૂજર્સી રાજ્યના સિદ્ધાચલં તીર્થક્ષેત્રમાં May, 2000ની વચ્ચે MEMORIAL DAY WEEK-ENDમાં આ ઉત્સવ ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિષયમાં શ્રી સમયસાર વગેરે પંચપરમાગમના અનુવાદક આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહની અનુમોદના તેમજ આશિષવચન પ્રાપ્તિ માટે અમેરિકાની સંસ્થાના માનદ્ મંત્રી શ્રી હસમુખ મગનલાલ શાહ ડિસેમ્બર-૧૯૯૯માં સોનગઢ આવ્યા હતા અને પંડિતજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ આયોજન ત્રણ દિવસનું રાખવામાં આવ્યું હતું. તેમાં શિક્ષણવર્ગ, શાસ્ત્રપ્રવચન, મંડલવિધાનપૂજા, પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ બહનનશ્રીના C.D. તેમજ વિડિયો ટેપ-પ્રવચનનો કાર્યક્રમ છે. આ વિષયમાં અભિપ્રાય, સૂચન તેમજ માર્ગદર્શન આમંત્રિત છે. આપનો કિંમતી સુજાવ આયોજકોના નીચેના એડ્રેસ પર મોકલવા અનુરોધ છે.

(1) **HASMUKH M. SHAH**
8721, Serimshaw Dr,
New Port Richey, Fl 34653, U.S.A.
Phone : 727-376-7290\7989
Fax : 727-843-8157

(2) **RAJNIBHAI GOSALIA**
12506 Guinevere Rd.,
Glenndane, Md 20769, U.S.A.
Fax : 202-388-8945

## સુવર્ણપુરી સમાચાર—

**માનસ્તંભ-પ્રતિષ્ઠાદિન :**— સુવર્ણપુરીના શ્રી સીમંધર-માનસ્તંભનો ૪૮મો વાર્ષિક પ્રતિષ્ઠાદિવસ ચૈત્ર સુદ ૧૦, ગુરુવાર, તા. ૧૩-૪-૨૦૦૦ના રોજ છે. આ પ્રતિષ્ઠા દિવસ પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે.

**મહાવીર-જન્મકલ્યાણકનો પર્વ** ચૈત્ર સુદ ૧૩ના રોજ છે. તે દિવસે પૂજ્ય ગુરુદેવશ્રીનો **સંપ્રદાય-પરિવર્તનનો** પવિત્ર દિવસ પણ છે. આથી આ બંને અવસરો પૂજાભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે. આ પાવન પર્વ તા. ૧૬-૪-૨૦૦૦, રવિવારના દિવસે છે.

### * અધ્યાત્મવિદ્યાતીર્થ સુવર્ણપુરીમાં ગ્રીષ્મકાલીન શિક્ષણવર્ગ *

અધ્યાત્મવિદ્યાધામ શ્રી સોનગઢમાં પુરુષો માટે દર વર્ષે ચાલતો ગ્રીષ્મકાલીન ધાર્મિક શિક્ષણવર્ગ અધ્યાત્મબોધદાતા પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની ૧૧૧મી મંગલ જન્મજયંતીના શુભાવસરે તા. ૧૬-૪-૨૦૦૦ થી તા. ૫-૫-૨૦૦૦ ગુરુવાર—વીસ દિવસ સુધી રાખવામાં આવશે. વિદ્યાર્થીઓ માટે આવાસ તેમજ ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

પ્રબંધક—
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

## વૈરાગ્ય-સમાચાર :—

સોનગઢનિવાસી બ્ર. કાંતાબેન માણેકચંદ કામદાર અમરેલીવાળા (વર્ષ-૭૩) તા. ૧૦-૨-૨૦૦૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સં. ૨૦૦૫માં પ્રથમ ૬ બહેનોએ બ્રહ્મચર્ય-પ્રતિજ્ઞા લીધેલ તેમાંના તેઓ એક હતા. તેઓએ સમગ્ર જીવન સોનગઢમાં સ્થાયી રહીને આત્મ-આરાધનામાં વ્યતીત કર્યું હતું.

પૂજ્ય ગુરુદેવશ્રીને વિનંતી કરીને, સોનગઢમાં લાવનાર, રાખનાર અને પરિવર્તનપ્રસંગે ખૂબ જ ભક્તિપૂર્ણ અને જવાબદારી ભરી સેવા આપનાર, સોનગઢ-ટ્રસ્ટના આદ્ય ટ્રસ્ટી તેમજ સોનગઢનિવાસી મંત્રી, સ્વ. શ્રી હરગોવિંદભાઈ દેવચંદ મોદીનાં પુત્રવધૂ (સ્વ. શ્રી રતિભાઈનાં પત્ની) શ્રી ચંપાબેન મોદી (વર્ષ-૮૦) મુંબઈમાં તા. ૧૭-૧-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સોનગઢ આવીને સત્સમાગમનો લાભ લેતા હતા.

સુરેન્દ્રનગરનિવાસી (હાલ ગોરેગાંવ-મુંબઈ) શ્રી રમણીકલાલ ઉજમશી દેસાઈ પોષ સુદ ૧૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવાર-નવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

ઉમરાળાનિવાસી (હાલ ઘાટકોપર-મુંબઈ) શ્રી વૃજલાલ દીપચંદ દોશી (વર્ષ-૭૧) તા. ૩૦-૧૨-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

કચ્છના ગં.સ્વ. રતનબેન પદમશી લખમશી નાગડા (વર્ષ-૭૭) હાલ ઘાટકોપર (મણીકાંતભાઈ, રમેશભાઈ તથા ચંદ્રકાંતભાઈના માતુશ્રી) તા. ૭-૧-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓશ્રીએ પૂજ્ય ગુરુદેવશ્રીની છત્રછાયામાં મકાન લઈને સોનગઢ સ્થાઈ રહીને અમૃતવાણીનો લાભ લીધો હતો.

નાઈરોબીનિવાસી સ્વ. શ્રી કરમણભાઈ નરશી શાહના પુત્ર અતુલભાઈ (વર્ષ-૩૭) તા. ૧૩-૧૨-૯૯ના રોજ સ્વીમીંગપુલમાં અકસ્માતથી અચાનક સ્વર્ગવાસ પામ્યા છે.

ગઢડાનિવાસી શ્રી ચંપાબેન રાયચંદ શાહ તા. ૧૯-૧૨-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

લાઠીનિવાસી (હાલ કોઈમ્બતુર) શ્રી રમણીકલાલ નાગરદાસ ભાયાણીના પુત્ર શ્રી ભુપેન્દ્રભાઈ (વર્ષ-૩૭) હાર્ટફેઈલ થવાથી તા. ૨૯-૧-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. બે વર્ષ પહેલાં શ્રી રમણીકભાઈના મોટા પુત્ર પણ ૩૭ વર્ષની ઉંમરે હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા હતા.

રાણપુરનિવાસી (હાલ બોરીવલી) શ્રી જયંતીલાલ જગજીવનદાસ જોબાલિયા (વર્ષ-૭૮) (-તે શ્રી ધરમચંદભાઈના નાના ભાઈ) તા. ૨૭-૧-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

જામનગરનિવાસી (હાલ મદ્રાસ) શ્રી અરૂણકુમાર ગોવિંદજી મહેતા તા. ૩-૨-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

લંડનનિવાસી શ્રી બચુભાઈના પિતાશ્રી લાલજીભાઈ નથુભાઈ શાહ (વર્ષ-૮૨) તા. ૨૫-૧-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ તત્ત્વાભ્યાસી અને ધર્મકાર્યમાં ઉત્સાહી હતા. પૂજ્ય ગુરુદેવશ્રી નાઈરોબી પધાર્યા ત્યારે તેઓએ ખૂબ ઉત્સાહપૂર્વક પ્રતિષ્ઠામાં ભાગ લીધો હતો.

બોટાદનિવાસી સ્વ. શ્રી ભોગીલાલ વીરચંદ ડગલીના ધર્મપત્ની શ્રી કાંતાબેન (તે શ્રી દિલીપભાઈ ડગલીના માતુશ્રી) (વર્ષ-૭૦) તા. ૨૭-૨-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વરસોથી સોનગઢ આવીને લાભ લેતા હતા.

જામનગરનિવાસી (હાલ ભાવનગર) શ્રી ધીરજલાલ ફૂલચંદ તંબોળી (વર્ષ-૮૦) તા. ૨૯-૨-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષ સોનગઢ સ્થાયી રહીને તેમજ ત્યારબાદ વારંવાર સોનગઢ આવીને-રહીને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો. તેઓ અધ્યાત્મતત્ત્વરસિક હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

*

## રાજકોટનિવાસી શ્રી વખતબેન પ્રભુલાલ પારેખ-પરિવાર

(ડૉ. પ્રવીણભાઈ ડી. દોશીની નાની તથા બ્ર. કુંદનબેનના માતુશ્રી)

## દ્વારા આયોજિત સ્વાનુભવવિભૂષિત
## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૬૮મો

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી, સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ દેખાડીને જેમણે આપણા પર અસીમ ઉપકાર કર્યો છે એવા આપણા પરમ-તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની 'ભાવિ-તીર્થંકરદ્રવ્યરૂપ લોકોત્તર મહિમા પ્રકાશિત કરનાર ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૮મી વાર્ષિક 'સમ્યક્ત્વજયંતી' આગામી તા. ૩૦-૩-૨૦૦૦, ફાગણ વદ ૧૦, ગુરુવારના દિવસે છે. આ મંગળ અવસર, તા. ૨૬-૩-૨૦૦૦ થી તા. ૩૦-૩-૨૦૦૦—પાંચ દિવસ સુધી, 'ચોંસઠઋદ્ધિમંડળવિધાનપૂજા', વીતરાગતત્ત્વજ્ઞાનની ઉપાસના તથા વીતરાગ દેવગુરુભક્તિ વગેરે વિવિધ કાર્યક્રમ સાથે 'સમ્યક્ત્વંજયંતી-મહોત્સવ'ના રૂપમાં, રાજકોટનિવાસી શ્રી વખતબેન પ્રભુલાલ પારેખ-પરિવાર તરફથી અત્યંત આનંદોલ્લાસપૂર્વક સોનગઢમાં ઉજવવામાં આવશે. સમ્યગ્દર્શન તથા સ્વાનુભૂતિ મહિમાના આ શુભાવસર પર સમસ્ત મુમુક્ષુ સમાજને સોનગઢ પધારવા માટે આયોજકો તરફથી હાર્દિક નિમંત્રણ છે.

**નિમંત્રક**

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

**સોનગઢ-૩૬૪૨૫૦**

❀ આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી ❀

| | | |
|---|---|---|
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પંદરમી તારીખ |
| પ્રકાશક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) |
| મુદ્રક | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |
| સંપાદક | : | નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ |
| તંત્રી | : | હીરાલાલ ભીખાલાલ શાહ |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) |

તા. ૧૫-૩-૨૦૦૦

વ્યવસ્થાપક—
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (કાનજીસ્વામીનું)-૩૬૪૨૫૦

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to
Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]